"ગુજરાતી"ના ગ્રાહકોને

[illegible] ભેટ

ચિત્રમય

પુરાતન દિલ્હી

સંગ્રાહક અને પ્રસિદ્ધકર્તા -

[illegible] ઇચ્છારામ દેસાઈ

૧૨ મી ડિસેમ્બર, ૧૯[illegible]



[ચિત્રપટ પેહેલું] હિન્દના શાહાનશાહ અને રાજા–પંચમ જ્યૉર્જ

જન્મ, ઈ. સ. ૧૮૬૫ ગાદીનશિન ઈ. સ. ૧૯૧૦

દિલ્હી રાજ્યાભિષેક દરબારનું સ્મારક

ચિત્રમય

પુરાતન દિલ્હી

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ,
મુંબઈ

વિ. સં ૧૯૬૮ ઈ. સ. ૧૯૧૧



[ચિત્રપટ બીજું] શાહાનશાહબાનુ–મેરી

જન્મ, ઈ. સ. ૧૮૬૭ લગ્ન, ઈ. સં. ૧૮૯૩



[ચિત્રપટ ત્રીજું] પ્રિન્સ ઓફ વેલ્સ — જન્મ, ઈ. સ. ૧૮૯૪

પ્રિન્સેસ મેરી — જન્મ, ઈ. સ. ૧૮૯૫



[ચિત્રપટ ચોથું] લોર્ડ લેકને ખિતાબ આપવા ભરેલો (૧૮૦૫) દરબાર



[ચિત્રપટ પાંચમું]

જગપ્રસિદ્ધ લોહસ્તંભ

કુવત-અલ-ઇસ્લામ



[ચિત્રપટ છઠ્ઠું] પ્રાચીન હિન્દુ મન્દિર

પુરાતન દિલ્હી

પંચમ જ્યૉર્જ (ચિત્રપટ પહેલું)

શાહાનશાહ જ્યોર્જ, ઇંગ્લંડમાં તે નામદારની પટાભિષેકની ક્રિયા થઈ તે સમયના પોષાકમાં અને હસ્ત કમળમાં રાજ્યચિહ્નો સાથે સુસજ્જ છે. ઇંગ્લંડના રાજા નામદાર **જ્યોર્જ** પાંચમા, તે ભારતવર્ષના શાહાનશાહ **જ્યોર્જ** પહેલા છે. એ નામદારનો જન્મ, લંડનના **માર્લબરો**ના રાજભવનમાં ઇ. સ. ૧૮૬૫ ના જુનની ૩ જીએ, રાણીશ્રી **એલેકઝાંડ્રા**ને પેટ થયો છે. રાણી **મેરી** સાથે એ નામદારનું લગ્ન તા૦ ૬ ઠ્ઠી જુલાઇ ઇ. સ. ૧૮૯૩ ને દિને રાણીશ્રી વિકટોરિયાની આજ્ઞાથી કરવામાં આવ્યું હતું. શાહાનશાહ **એડવર્ડ** સપ્તમના મરણથી એ નામદાર તા૦ ૬ ઠ્ઠી મે ૧૯૧૦ થી ઇંગ્લંડના રાજા અને ભારતવર્ષના શાહાનશાહ બન્યા છે. એમને યુવરાજ કુંવર છે, જેને ચાલુ વર્ષમાં પ્રિન્સ ઑફ વેલ્સ બનાવ્યા છે. રાજરાજેશ્વર પાંચમા જ્યૉર્જને પાંચ કુંવર અને એક કુંવરી છે.

રાજા જ્યૉર્જ પાંચમા, તે સનાતન ભારતવર્ષના મહારાજાધિરાજ જ્યૉર્જ ૧ લા એ ઉપાધિથી, તા૦ ૧૨ મી ડીસેમ્બર ૧૯૧૧, મંગળવારે, સિંહાસનારૂઢ થયાનાં દર્શન આપે છે; અને ધર્મનીતિમાન્ આર્ય પ્રજા પ્રાર્થે છે કે,

જય મહારાજા જ્યૉર્જનું જય રાજ્ય શાંતિમાં દીપો-વધો!

શાહાનશાહ બાનુ મેરી (ચિત્રપટ બીજું)

શાહાનશાહબાનુ **મેરી**, રાજા જ્યૉર્જ પાંચમાનો ઇંગ્લંડમાં પટાભિષેક થયો, તે સમયે પહેરેલા પોષાકમાં સજ્જ થયેલાં છે. રાણીશ્રીનો જન્મ ઇ. સ. ૧૮૬૭ ના મેની ૨૬ મીએ, ડ્યુક ઑફ **ટેક**થી ડચેસ ઑફ **ટેક**ની પેટ થયો છે. એમનો પ્રથમ વિવાહસંબંધ પ્રિન્સ ઑફ વેલ્સ–ડ્યુક ઑફ યોર્કની સાથે થયા હતા. યુવરાજના અકાળે થયેલા મરણથી, ભાવીરાજા પાંચમા જ્યૉર્જ સાથે ઇ. સ. ૧૮૯૩ માં લગ્ન થયાં છે એમનું પૂર્વનું નામ શાહજાદી **મે** હતું; પણ ડ્યુક ઑફ યૉર્કના સ્વર્ગવાસથી તે નામ ફેરવી પ્રિન્સેસ **મેરી** નામ ધારણ કીધું છે.

બાદશાહી ચિત્રપટની વેલ.

આ ચિત્રપટની વેલ વિલાયતના એક નિપુણ કલાવિધાયકને હાથે યોજવામાં આવી છે. પૃથક્ દેશને ઓળખવાને ચિહ્ન યોજવાનો રિવાજ છે. આપણાં હિન્દુસ્તાનને રાજ્યારોહણના શુભ પ્રસંગે


આપણા શાહેનશાહે કમળને હિન્દુસ્તાનનાં ચિહ્ન તરીકે યોજ્યું હતું; તે જ પ્રમાણે આ વેલમાં હિન્દુસ્તાનનું પૃથક્ત્વ દર્શાવવા કેટલાંક ચિહ્ન યોજ્યાં છે. મહારાણીશ્રી વિકટોરીયાએ યોજેલો "સ્ટાર ઓફ ઇંડિયા," આસપાસ કમળ, અને ખૂણા ઉપર હાથી મૂકવામાં આવ્યા છે. હાથી માંગલિકતાનો સૂચક છે. તે જ પ્રમાણે ઉપરની બાજુએ હિન્દુસ્તાનના કળાકૌશલ્ય અને વનસ્પતિને લગતાં અર્થસૂચક ચિહ્ન યોજાયલાં છે.

પ્રિન્સ ઓફ વેલ્સ અને પ્રિન્સેસ મેરી (ચિત્રપટ ત્રીજું)


આલ્બર્ટ–એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સ અને પ્રિન્સેસ વિક્ટોરિયા–આલેકઝાંડ્રાનું છે. યુવરાજ અને કુંવરીના પોષાકો પણ પિતાશ્રીના પટાભિષેક સમયના જ છે. યુવરાજનો જન્મ ૧૮૯૪ ની ૨૩ મી જુને થયો છે; રાજકુંવરીનો જન્મ તા૦ ૨૫ મી અપ્રેલ ૧૮૯૭ ને દિને થયો છે.

૧૮૦૫ ની દરબાર (ચિત્રપટ ચોથું)

વ્યાપારાર્થે અંગ્રેજો હિન્દમાં પ્રથમ આવેલા, અને ૧૬૧૫ માં ઇંગ્લાંડના જેમ્સ પહેલાએ પોતાના એલચી સર ટોમસ રોને મોકલ્યો હતો. તે પછી ઘણો સમય સૂધી અંગ્રેજો મોગલ દરબારમાં કુર્નેસ બજાવતા હતા. અઢારમી સદીના અંતમાં અંગ્રેજી કંપનીપર અથવા અંગ્રેજી પ્રજાપર, જે કહો તે, નસીબદેવી તુષ્ટમાન થઈ, અને ધીમે ધીમે હિન્દુસ્તાન તેમના હાથમાં ગયું. આટલું છતાં પણ તેઓ દિલ્હીના મોગલ બાદશાહને હિન્દના સર્વોપરી ગણાતા હતા અને તે પ્રમાણે માન આપતા હતા. અઢારમી સદીના અંતમાં મરાઠાઓ પણ હિન્દમાં સર્વોપરી થવા મથતા હતા. દિલ્હીનો બાદશાહ શાહ આલમ સિન્ધિયાના કબજામાં હતો. ગોલામ કાદિરના હાથમાંથી સિન્ધિયાએ શાહ આલમને બચાવ્યો હતો. ઇ. સ. ૧૮૦૩ માં સિન્ધિયા અને અંગ્રેજો વચ્ચે લડાઈ થઈ. દિલ્હીની દક્ષિણે જમના નદીના કિનારાપર મરાઠાઓ હારી ગયા, અને ચૌદમી સપ્ટેમ્બરે લૉર્ડ લેક દિલ્હીમાં દાખલ થયો. આ સમયથી અંગ્રેજો મોગલોના વડા કારભારી થયા, અને બાદશાહની સ્વતંત્રતા નામની જ હતી. સોળમી સપ્ટેમ્બરે બાદશાહે એક દરબાર ભરી. અંગ્રેજી સેનાપતિને આવકાર આપવા પોતાના પુત્ર મીરઝા અકબરને મોકલ્યો હતો. અંધ આલમશાહ પૂર્વેની જાહોઝલાલીનું ઝાંખું દર્શન કરાવતી છત્રીવાળી એક ઉંચી ગાદીપર બેઠા હતા. તે સમયે તેનું વય ૮૩ વર્ષનું હતું. શરીરે અશક્ત, સત્તાહીન, અને બાદશાહ છતાં ગરીબ શાહ આલમનો દેખાવ ઘણો દયાજનક હતો, એમ મેજર થોર્ન લખે છે. આ દરબારમાં લૉર્ડ લેક અને તેનો પુત્ર ઓન. થોમસ હીસ્લોપ બન્ને હાજર હતા. બન્ને સરદારો શાહના અન્ય દરબારીઓનાં ટોળામાં ઉભા હતા. શાહ આલમે મરાઠાઓના હાથમાંથી પોતાને મુક્ત કરવાના ઉપકારમાં લૉર્ડ લેકને સમસમ–ઇ–દૌલાહ (રાજ્યની તરવાર), અશજાહ–ઉલ–મુલ્ક (રાજ્યનો ઓદ્ધો), અને ખાન દૌરાન (જમાનાનો આગેવાન) એવા ખિતાબો આપ્યા હતા. તે પછી ૧૮૦૪ માં ઑગસ્ટ મહીનામાં કાનપોર ખાતે લૉર્ડ લેકને મહી અને મુરાતીવના ચાંદો આપ્યા હતા. પચ્ચીશ વર્ષ પછી એટલે ૧૮૨૮ માં લૉર્ડ કોમ્બરમીયરને રૂસ્તમ–ઇ–જંગ (લડાઇનો યોદ્ધો) અને સેઇફ–ઉદ્–દૌલાહ



[ચિત્રપટ સાતમું] કુતુબ મિનાર




[ચિત્રપટ આઠમું]

કુતુબ મિનારનો દરવાજો
અને
તે ઉપરનો લેખ



[ચિત્રપટ નવમું] કુતુબ-ઉદ્દ-દીનબખ્તીયાર કાકીની કબર



[ચિત્રપટ દશમું] શમ્સ્-ઉદ્-દીન અલ્તમશની કબર

(રાજ્યની તરવાર) એવા ખીતાબો આપ્યા હતા. સર્વે દરબારીઓને બાદશાહ જોઇ શકે એટલા માટે બાદશાહની બેઠક ઉંચી રાખી હતી. બાદશાહ ઘુંટણી વાળીને બેસતા, અને દરબારીઓ હાથ જોડી ઉભા રહેતા. જેઓને બાદશાહની સમક્ષ હાજર રહેવું પડતું, તેઓને ત્રણ ત્રણવાર નમી નમીને સલામ કરવી પડતી અને ઇતિહાસ લખનારા જણાવે છે કે, અંગ્રેજો સુદ્ધાંત તે નિયમ પાળતા હતા.

લોહસ્તંભ (ચિત્રપટ પાંચમું)

કુતુબ મિનારની પાસે અલાઈ દરવાજાની સામે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યનો એક લોખંડી સ્તંભ છે. તે વિષે એવી ધારણા બાંધવામાં આવે છે કે, દિલ્લીનો ચૌહાણ રાજા અનંગપાળ તે સ્તંભ મથુરાથી લઇ આવેલો અને પોતાના મહેલની સમીપનાં મંદિરોના ચોકમાં શોભા અર્થે દાટેલો. બીજી લોકકથા એજ સ્તંભને અંગે શહેરનું નામ ઢીલ્હી કેમ પડ્યું, તે વિષે કહેવામાં આવે છે. એક બ્રાહ્મણે અનંગપાળને કહ્યું કે, એ સ્તંભ એટલો ઉંડો ગયો છે કે તે શેષ નાગના માથાપર દૃઢ થઇ ગયો છે, અને તેથી એ સ્તંભ જેમ અચળ રહેશે તેમ આ નગરનું તારું રાજ્ય પણ અચળ રહેશે. રાજાને આ વાર્તા શંકા પડતી લાગવાથી તેણે એ સ્તંભ પાછો ખોદાવ્યો તો સ્તંભનાં મૂળમાં લોહી જણાયું, એટલે તરત જ તે પાછો દટાવી દીધો, પરંતુ પૂર્વની પેઠે તે દૃઢ થયો નહીં, અને તેથી તે ઢીલો કહેવાયો, અને તેની આસપાસ વસેલું નગર ઢીલા (ઢીલી) નગર કહેવાયું. "ખીલી તો ઢીલી ભઇ, તોમર ભયા મત હીન."

એ લોહસ્તંભની આસપાસનો પ્રદેશ વિક્રમ રાજાએ જિતેલા શક રાજાની રાજધાની હતી. લોહસ્તંભપરના લેખપરથી જણાય છે કે, ઇ. સ. ૩૧૯ માં ગુપ્ત રાજાની રાજધાનીમાં તેને ઉભો કરવામાં આવ્યો હતો. કનિંઘામ કહે છે કે, અનંગપાળના સમય સૂધી એ રાજધાની નામની જ રહી હતી. અનંગપાળે તે સ્તંભપર "સંવત દિલ્હી ૧૧૦૯ અનંગપાળ બહી" એવું કોતરાવેલું છે. આજ સૂધી હિંદુસ્તાનમાં પિત્તલની મોટી મૂર્તિઓ અને પંચધાતુનાં પુતળાંઓ કરવામાં આવતાં હતાં. પણ માત્ર લોખંડનો આવો મોટો સ્તંભ કોઇએ કરાવ્યો નહતો. આજના સુધરેલા અને ઉઘાડા હુન્નરના જમાનામાં એવો સ્તંભ કોઇ પણ કારખાનાવાળો કરે, પરંતુ હિંદમાં આવો ઉત્તમ સ્તંભ ઇ. સ. ૩૧૯ માં કરવામાં આવ્યો હતો, એ એક આશ્ચર્ય છે. હિંદી કારીગર કેટલી હદે વધેલો હતો, તેનો એ સ્તંભ નમુનો છે. એ સ્તંભ ૨૫ ફુટ લાંબો છે. પહેલાં એમ માનવામાં આવતું હતું કે, તે જમીનમાં ઘણો ઉંડો છે, પણ ૧૮૭૨ માં પુરાતન વસ્તુ સંશોધકોએ તપાસ કરીને તે જમીનમાં માત્ર ત્રણ જ ફુટ ઉંડો છે એવું મત આપ્યું છે. તેઓ કહે છે કે લોખંડી રસમાં સ્તંભને દૃઢ કરેલો છે. એ સ્તંભનો વ્યાસ ૧૬ ઇંચ અને વજનમાં ૧૭॥ ટન જેટલો છે. તેનાપર બાર લીટીના ત્રણ શ્લોકો છે. તેનો સાર નીચે પ્રમાણે છે.

"આ સ્તંભ બંગ દેશને જિતનાર, અંગ દેશપર ચઢી આવેલા શત્રુને ત્રણવાર હરાવનાર, જેને પોતાની કીર્તિ તરવારથી લખી છે તે આ ચંદ્ર નામના રાજાનો છે. તે રાજાએ સિંધુ નદીનાં સાત મૂળ ઉતરીને બાહ્લિક લોકોને હરાવ્યા; દક્ષિણ સાગર સૂધી તેનો પ્રતાપ સુવાસિત થઈ રહ્યો છે;......

જેના મુખની કાંતિ પૂર્ણિમાના ચંદ્ર જેવી છે તે ચંદ્ર રાજાએ, ભગવાન્ વિષ્ણુને ઠેકાણે ભાવપુરસ્સર વિષ્ણુપદ નામના ગિરિપર ભગવાન્ વિષ્ણુનો આ ઉચ્ચ ધ્વજ સ્થાપ્યો છે!!"

આ ચંદ્ર રાજા કોણ અને ક્યારે થયો, તેનો નિશ્ચય થયો નથી. ત્રીજા શ્લોકમાં "ધાવેન" શબ્દ છે તેનો અર્થ કરવામાં મતભેદ છે. કોઈ ધાવ નામનો રાજા હોવાની કલ્પના કરે છે. પરંતુ એટલું નક્કી છે કે, અનંગપાળે તે સ્તંભ બીજા મુલકમાંથી લાવીને પોતાના મંદિરમાં ઉભો કર્યો હતો.

આ સ્તંભ વાસુકીના મસ્તકપર છે એવી દંતકથા શાહજહાન બાદશાહના કોઈ ખડ્ગરાવ નામના કવિએ સૌથી પહેલાં લખેલી છે.

પ્રાચીન હિન્દુ મન્દિર (કુવ્વત-અલ-ઇસલામ) (ચિત્રપટ છઠ્ઠું)

ગુલામવંશના પહેલા બાદશાહ કુતબુદ્દીને લાલકોટમાં સ્થિર થયા પછી સૌથી પહેલું કામ આરંભ્યું તે એક મસીદ બાંધવાનું હતું. હિંદુસ્તાનમાં મુસલમાની ધર્મ દાખલ થયાનું એ પહેલું સ્મારક છે. કુતબુદ્દીનની મસીદને 'કુવ્વત-અલ-ઈસલામ' એ નામે ઓળખવામાં આવે છે. તે ૧૫૦ ફીટ ઉંડી અને ૭૫ ફીટ પહોળી છે. આગળનો ઓટલો ખુલ્લો છે, અને તે ૧૦૮×૧૪૨ ફીટ છે. ઉત્તર અને પૂર્વ તરફના દરવાજા હજી આખા છે. અને તેપરના લેખ સ્પષ્ટ છે. દક્ષિણ બાજુનો દરવાજો અને સ્તંભાવલિ અને પશ્ચિમ બાજુનો ઘણો ભાગ નાશ પામ્યો છે. આ આખી મસીદ સને ૧૧૯૧ માં જૈન મંદિરોનાં સ્તંભાદિ સાધનોથી બંધાવવા માંડી હતી. કેટલાકો કહે છે કે, પાયો અને કમાનો પાછળના સ્તંભો, જેમના તેમ છે. ઉત્તર બાજુની સ્તંભાવલિ હજી સારી હાલતમાં છે. અને પૂર્વ બાજુએથી સ્તંભોની હાર ઘણી જ હૃદયરંજક લાગે છે. દરેક સ્તંભપરનું કોતરકામ હિંદુઓના હાથનું છે, એમાં તો જરા પણ શક નથી. પુષ્પ મૂકવાનાં વાસણોપર ફુલ અને પાંતરાઓ ટંગાઈ પડે અને તે જેવું જણાય તેવું કોતરકામ તેનાપર કરેલું છે. પુષ્પમાળાઓ, જનાવરો, ઘંટાઓ, અને જૂદી જૂદી જાતનાં પુષ્પોની અસંખ્ય આકૃતિઓ પ્રેક્ષણીય છે. ઉત્તર બાજુએ મધ્યમાંથી બીજી હારના પાંચમા સ્તંભ ઉપર એક ગાય અને વાછરડાનું ઉપસાવેલું કોતરકામ છક્ક કરી નાંખે તેવું છે. એ જ ભાગમાં ચોગાનની ફીનારીપરથી ગણતાં છઠ્ઠા સ્તભપરનું કોતરકામ આજ સૂધી આબાદ ટકી રહ્યું છે, અને તે અત્યંત સુંદર છે. કેટલાક સ્તંભોપરની આકૃતિઓ ઘસી નાંખેલી છે, અને કેટલાકપર રહી છે. કેટલાક સ્તંભોપરથી ચુનાના લેપડા વખત જતાં ઉખડતા જાય છે, અને તેથી વિશેષ કારીગરી નજરે પડે છે. કોમળ હૃદયના હિન્દુઓની કારીગરીમાં કોમળતા પ્રત્યક્ષ થાય છે. આજના ઇજનેરો અને શિલ્પીઓ ભાગ્યે જ તેનું અનુકરણ કરી શકે.

આ સ્તંભોની હારમાં પ્રવેશી, છત તરફ નજર કરશો તો છત અને ભાળો કોતરકામથી ભરપૂર છે. ઉત્તર તરફની દીવાલની બહારની બાજુની બીજી બારીપર કૃષ્ણજન્મનો દેખાવ કોતરેલો છે. દ્વારના એક અડધીઆપર સવત્સી ધેનુને કોતરેલી છે. તે જોતાં કોઈ એમ નહીં કહેશે કે, તે કોતરકામ છે. મુખ્ય દીવાનખાનામાં હમણાં દશ અને ચાર સ્તંભોની બે જ હાર છે. તેમાંની દક્ષિણ બાજુની એક હારપર મસીદના મુતવલી (રક્ષક)નું નામ છે. તેવું જ નામ કુતુબ મિનારના દરવા-

જની પશ્ચિમ બાજુએ છે. તેથી એમ માનવાને કારણ મળે છે કે, તે એક જ સમયની બનાવટ હોવી જોઇએ. અમીર ખુશરૂ એ મસીદ વિષે લખે છે કેઃ—

"મસ્જીદ-ઇ-ઓ જામાઇ ફઇઝ-ઇ-અલ્લાહ; ઝમઝમ-ઇ-ખુબ્બા-ઇ-ઓ તાબ માહ."

ઇબ્ન બટુટા નામનો એક મુસાફર પોતાના પ્રવાસમાં લખે છે કે, "કુતબની મસીદ ઘણી મોટી છે, અને સૌંદર્ય અને વિસ્તારમાં તેના સમાન કોઈ નથી. દીલ્હી લીધા પૂર્વે તે હિન્દુઓનું એક મંદિર હતું. તેના ચોગાનમાં એક સ્તંભ છે જે, તેઓ કહે છે તેમ, સાત ખાણના પત્થરોમાંથી બનાવેલો છે."

મંદિરની મસીદ

આ મસીદને વિષે હિન્દુઓ કહે છે કે, તે ચોસેઠ સ્તમ્ભનું એક દેવાલય હતું. ફીરોઝશાહ તઘલખે આ મસીદ અને કુતુબ મીનારને એક વાર સમરાવેલો હતો. તૈમુરલેન આ મસીદ અને મીનારાથી ખુશ થઇને તેવી મસીદ અને મીનારો સમરકંદમાં બાંધવાને હિન્દુસ્તાનથી કારીગરો લઇ ગયો હતો, પણ ત્યાં તે બંધાવી શક્યો નહતો. સુલતાન અલ્તમશના સમયમાં કેટલાક નાસ્તિકો મસીદમાં ભરાયા હતા, ત્યારે ત્યાં કતલ ચાલી હતી, અને બીજી કતલ તૈમુરના વખતમાં ચાલી હતી.

આ મસીદ હિન્દુ દેવાલયોને ભાંગી તોડી નાંખ્યા પછી બાંધવામાં આવી છે, એમ માનવાનાં કારણો શિલ્પશાસ્ત્રીઓ આ પ્રમાણે જણાવે છે. હિન્દુઓ કે જૈનો, ચોરસ આરકાંઓ બનાવતા હતા; જ્યારે આ મસીદની કમાનો પાયા આગળથી સીધી ઉંચે ચઢી, પછી ગોળ વળીને એક અણીદાર ખૂણામાં બે બાજુને એકત્ર કરે છે. અફઘાનો આ જાતની કમાનોને શિલ્પની ઉત્તમ કળા ગણે છે. હિન્દુ કારીગરોની ખુબી એ છે કે, તેઓ સ્તંભો અને ભાગોના અને છતના સાંધા એવી રીતે ગોઠવતા કે જેથી તેમને ઉતારી લેવામાં આવે ત્યારે કંઈ હરકત નડે નહીં. એના છાપરાપરનો દરેક વિભાગ નવ પત્થરોનો બનાવેલો છે. ચાર ખુણીયા, એક મધ્યનો પત્થરો, અને ચાર સ્તંભોપરની એડક (Architraves). ખુબી તો એ છે કે, આ બધાને ગોઠવવાને સીમીટ કે કશાની જરૂર પડી નથી, અને દરેક સ્તંભ છતને સમતોલ ઝીલી ઉભો રહે છે. ઘુમટો પણ તેઓ એ જ રીતિએ બાંધતા હતા કે, જેથી એક કાઢી બીજો પત્થરો મૂકવાને અડચણ પડે નહીં. અફઘાનોને મધ્યમાં અણીવાળી કમાનો પસંદ પડતી હતી. તેમ હિન્દુઓના પુરાતન મકાનોમાં એ જાતની કમાનો જણાતી નથી, તેમ તે પછીના મકાનમાં પણ તેનું અનુકરણ કરેલું જણાતું નથી; તેથી એમ ધારવામાં આવે છે કે, હિન્દુઓએ એ કમાન પસંદ કરી નથી, પણ જે રીતિએ તેઓ ઘુમટ બાંધતા, તે જ રીતિનો મુસલમાનો માટે કમાનો બાંધવામાં ઉપયોગ કરેલો.

કુતુબ મિનાર (ચિત્રપટ સાતમું અને આઠમું)

ગગનને ચુમ્બન કરનાર અથવા ગગનને ભેદનાર કુતુબ મિનાર હિન્દુસ્તાનનો ચમત્કાર છે. દુનિયાની સાત અજાયબીમાંની એ એક અજાયબી છે. બાંધણીમાં, સૌંદર્યમાં, દેખાવમાં હિન્દુસ્તાનના કુતુબ મિનારાની તોલે દુનિયામાં કોઇ પણ આવે તેમ નથી.

કુતુબ મિનારો કોનો બાંધેલો છે તે વિષે બે મત છે. કેટલાકો કહે છે કે, એ મિનારો પૃથુરાજના સમયમાં બાંધેલો, અને તેથી એ મિનારાપર હિન્દુઓની કારીગરી, નાગરીમાં લેખ વિગેરે

નજરે પડે છે. પૃથુરાજ ચોહાણની પુત્રી ઉષાવતીને જમના નદીનાં દર્શન કરવાનો નીમ હતો. અને જમના નદીનો પ્રવાહ પુરાતન દીલ્હીથી દૂર જવાથી તે દરરોજ આ મિનારાપર ચઢીને દર્શન કરતી હતી.*

સામાન્ય માન્યતા એવી છે કે, કદાચ પૃથુરાજ ચૌહાણે આ મિનારો બાંધવાનો પ્રારંભ કર્યો હોય, અને તેથી નાગરી લેખો લખાયા હોય, પણ કુતબુદ્દીને તે પૂર્ણ કરેલો અને નાગરી લેખ ઉપર આરબી લેખો કોતરાવેલા. પૃથુરાજે મંદિરની દીપમાળ તરીકે તે મિનારો બાંધવા ધારેલો, અને તેથી જ એ મિનારો ચોગાનમાં એકલો રાજ કરતો ઉભો છે. જો મુસલમાનોએ એ બાંધવા ધાર્યો હોત તો તેઓ કોઈ મસીદની સાથે બાંધતે. વળી તે એટલો ઉંચો બાંધેલો છે કે, પ્રાર્થના સમયે મુઅઝીમ પોકારવાને માટે પણ કામ ન લાગે, કારણ કે તેનો પોકાર એટલી ઉંચાઇથી સંભળાય નહીં. પણ પાછળના વખતમાં પહેલો માલ જે ૯૭ ફુટ ઉંચો છે, ત્યાંથી પોકાર મારવાનું ચાલુ રહ્યું હોય તો તે બનવાજોગ છે. બીજાઓ એમ કહે છે કે, જયચંદની પુત્રી સંયુક્તાનું હરણ કરી, જયચંદને પૃથુરાજે હરાવ્યો, તેના વિજયસ્તંભ તરીકે આ મીનારો પૃથુરાજે બંધાવવા માંડેલો.


કુતુબ મિનાર અસલ કેટલો ઉંચો હશે તે કોઈ જાણતું નથી. કારણ કે ધર્તીકંપના આંચકાથી તેનો ઉપલો ભાગ તૂટી પડેલો છે, અને તેની છતરી બાજુમાં પડેલી દેખાડવામાં આવે છે. પણ તે પ્રાચીનકાળ નથી. કેટલાકો કહે છે કે મિનારો જરા વાંકો પણ વળેલો છે, અને ઠેઠ ઉપરથી બારીકાઇથી તપાસતાં તે હાલતો લાગે છે ! કુતુબ મિનારના અસલ સાત માળ હતા, પણ આજે પાંચ જ હૈયાત છે, અને પાંચ માળની ઉંચાઈ ૧૭૯૪ માં ૨૪૨ ફીટ હતી, પણ આજે તે ૨૩૮ ફીટ છે. જમીન આગળ તેના પાયાનો ઘેરાવો ૧૭૯૪ માં ૪૮ ફીટ ૪ ઇંચ માપ્યો હતો. તેના મથાળાનો ઘેરાવો ૯ ફીટ જેટલો છે. કોઈ કહે છે કે, અસલ મીનારો ૨૬૦ ફીટ ઉંચો હશે, અને કોઇ કહે છે કે તે તેથી પણ વિશેષ ઉંચો હતો.

કુતુબ મિનાર મુસલમાનોને માટે જ બંધાવેલો હતો એમ કેટલાકો કહે છે, અને તેના કારણમાં જણાવે છે કે, તેના બીજા માળપરના કંદોરામાં-કમરબંધમાં-આ પ્રમાણેનો લેખ કોરાનમાંથી ટાંકેલો છે. "હે ચુસ્ત ઇસલામીઓ ! જુમાને દિવસે જ્યારે તમને નિમાજ પઢવાને બોલાવવામાં આવે ત્યારે ખુદાના નામને સાંભળજો અને વેપાર કરવાનું બંધ રાખજો......રમતગમત કે વેપારના કરતાં ઈશ્વરનું ઇનામ વધારે શ્રેષ્ઠ છે અને ખુદા સૌથી શ્રેષ્ઠ પૂરું કરનાર છે."

પહેલા માળના કંદોરામાં દિલ્હીના પ્રથમ રાજકર્તા અને તેના ઉપરી મહમદ બીન સામ અથવા મહમદ ઘોરીનું નામ છે. બીજા, ત્રીજા, અને ચોથા માળના કંદોરામાં સુલતાન અલ્તમશ, અને પાંચમામાં ઇ. સ. ૧૩૬૮ માં ફીરોઝશાહે છેક ઉપરના બે માળનું સમારકામ કરાવ્યું, તેનું નામ છે. મીનારાના પ્રવેશદ્વારપર સિકંદરશાહ લોદીએ ઇ. સ. ૧૫૦૩ માં સમારકામ કરાવ્યું તેનો લેખ છે. ત્યારપછી બ્રિટીશ સરકારે તેની મરામત કરવાનું પોતાના હાથમાં રાખ્યું છે.

---


* જુઓ, ગુજરાતી પ્રેસનું "દિલ્લીપર હલ્લો."



[ચિત્રપટ અગ્યારમું]　　અલાઉદ્દીનનો દરવાજો



[ચિત્રપટ બારમું] તઘલખશાહની કબર



[ચિત્રપટ તેરમું]

નિઝામ-ઉદ્-દીન ઓલીયા
અને
જહાનઆરાનો મકબરો



[ચિત્રપટ ચૌદમું] નિઝામ-ઉદ્-દીન-ઓલીયાની કબર આગળનો કુવો

જગતમાં સર્વ મકબરાઓમાં તાજ મહાલ જેમ શ્રેષ્ઠ છે, તેમ મીનારાઓમાં કુતુબ મિનાર સર્વોત્તમ છે.

કુતુબ મિનારનો પહેલો માળ ૯૫ ફીટ ઉંચો છે, અને તેની ધારના-ઘેરાવાના ૨૪ વિભાગ કરેલા છે, અને તે વારાફરતી ગોળ અને ત્રિકોણાકારવાળા છે. આખો મિનારો જાણે ગોળ અને ત્રિકોણ સળીઓપર ગોઠવ્યો હોય તેવો જણાય છે. દરેક માળ નીચે સળીઓ અખંડ છે. બીજા માળપરની બધી સળીઓ ગોળ છે, અને ત્રીજા માળની ત્રિકોણ છે. એ સળીઓથી મીનારાની શોભા વધે છે. ચોથો અને પાંચમો માળ સાદો ગોળ જ છે. દરેક માળને જાણે કંદોરો પહેરાવ્યો હોય તેમ ફરતા ઝરૂખા અને પટાઓ છે. ત્યાંથી આસપાસનો દેખાવ, કુદરતનું સૌંદર્ય મનને અજબ શાંતિ આપે છે. પહેલા માળના ઝરૂખાનો કઠેરો કિલ્લાના કોટ જેવો છે, જ્યારે બાકીના માળના ઝરૂખાના કઠેરાઓ બાણ-મુખાકૃતિવાળા છે. 'ગોથીક' ઘાટના બુરજો અને ગુંબજો જોનારને પ્રારંભમાં આ મિનારો આકર્ષક ન લાગે, પણ પાસે આવતાં જોનાર આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. નજરને તેજી કરે એવો પત્થરનો રંગ, મીનારાની આસપાસ સુંદર કોતરકામવાળા કમરબંધો અથવા કંદોરા અથવા પટાઓ, અને ઝરૂખાની નીચેની બાજુપરનું સુંદર કામ અદ્વિતીય છે. ભોંયતળીયામાં છ કંદોરાઓ છે. પહેલાપર કુતબુદ્દીનનું નામ અને ખિતાબ; બીજાપર મહમદ ઘોરીનું નામ અને ખિતાબ; ત્રીજાપર કોરાનના ૫૯ મા પ્રકરણમાંનો એક કલમો; ચોથાપર, બીજાની પુનરાવૃત્તિ; પાંચમાપર ખુદાનાં અરબ્બીમાં ૯૭ નામ, અને છઠ્ઠાપર કોરાનના બીજા પ્રકરણમાંથી એક કલમો છે.

એ મિનાર આરસ અને રાતા પત્થરનો બાંધેલો છે, અને નીચે ઉભા રહીને જૂદી જૂદી જગ્યાએથી જોતાં જૂદી જ ખુબી જણાય છે. ગોળ અને ત્રિકોણ સળીઓ સાથનો મિનાર બાંધવાનું ક્યાંથી સૂઝ્યું, તે વિષે બે મત છે. તારાકૃતિ ઉત્તર હિન્દના હિન્દુઓનાં મકાનોમાં જણાતી નથી, તેથી એમ ધારવામાં આવે છે કે ગઝની કે ખોરાસાનના નાના મિનારાઓપરની આકૃતિપરથી આ આકૃતિનું અનુકરણ કરવામાં આવ્યું હોય. ગમે તેમ પણ મિનારો હિન્દુ કારીગરોના હાથનો બાંધેલો છે, અને તે જગતની સાત અજાયબીમાંની એક અજાયબી છે. તેનાપર હિન્દુ શિલ્પ-સુથાર, લુહાર-મીસ્ત્રી-વિગેરેના દેવતા વિશ્વકર્માની પ્રાર્થના છે ને સળીઓ કદાચ ગોળ મીનારાપર મુસલમાનોએ કરાવી હોય, અને તે મીનારાપર કોતરેલી મૂર્તિઓ કાઢી નાંખવાને માટે જ હશે.

કુતબ-ઉદ્-દીન કાકીની દરઘા (ચિત્રપટ નવમું)

નિઝામ-ઉદ્-દીન ઓલીયાના મકબરાથી આ મકબરાની અગત્ય ઓછી નથી. પરંતુ ઓલીયાની કબરનું સ્થાન મધ્યરૂપ હોવાથી આ મકબરો બીજી પંક્તિએ આવેલો છે. કુતબઅલ-અક્તુબ મધ્ય એશિયામાં ફર્ગાના પ્રાંતમાં ઉશ ગામમાં જન્મ્યો હતો, અને હિન્દપર હલ્લા કરનારાઓ સાથે દિલ્હી આવ્યો, અને ઈ૦ સ૦ ૧૨૩૫ માં મરણ પામ્યો. આ ફકીર ચાલીસ દિવસના ઉપવાસ કરતો, અને ખીજર નામનો કોઈ ફકીર તેને નાના રોટલા 'કાક' ખાવાને આપતો. ઓલીયા અને કાકીની દરઘાહવાળાઓ એક બીજાને ઉતારી પાડવાને ઘણી વાતો કહે છે. કાકીવાળા કહે છે કે, એ રોટલા આકાશમાંથી આવતા અને ઓલીયાની મસીદમાં પડતા, પણ તે ખાવાનો હક તો માત્ર કુતબ-ઉદ્-

દીનને હતો! આ ફકીર ઉપરથી કુતબ-ઉદ્દીને કુતુબ મિનાર નામ રાખેલું કહેવાય છે. આ મકબરા વિષે અબુલ ફઝલ લખી ગયો છે કે, "દૈવી જ્ઞાન ધરાવનારા ઈશ્વરના ઘણા પૂજારાઓ આ સ્થાનમાં નિરંતરની નિદ્રા ભોગવતા પડયા છે."

કુતબ-ઉદ્-દીન કાકીની દરગાહ મધ્યમાં છે, અને આરસની જાળીઓ અને ભીંતવાળી એક ગલીમાંથી ત્યાં જવાય છે. આ દરગાહમાં જનારા સર્વને બુટ જોડા ઉતારવા પડે છે, ત્યારે અન્ય દરગાહોમાં યુરોપીયનો બુટ સહિત જઈ શકે છે! પરંતુ જેઓ જોડા ઉતારી અંદર જવા ન ઇચ્છતાં હોય, તેઓ સંગેમરમરમાં આરપાર કોતરી કાઢેલી જાળીઓમાંથી દરગાહ બરાબર નિહાળી શકે છે. એ જાળીઓ ફરૂખશીર બાદશાહની કરાવેલી છે. આ કબર બાંધેલી નથી. મીટ્ટીનો ઢગ છે. તેના ઉપર કપડું ઢાંકી રાખે છે. કબરની આસપાસ સંગેમરમરનો સુંદર નાનો કઠેરો છે, અને ચાર ખૂણે ઉભા કરેલા ચાર આરસના સ્તંભો ઉપર કાળું કપડું તાણી લઇને એક છત્ર જેવું બનાવેલું છે. પશ્ચિમ બાજુની ભીંત ઉપર અવારનવાર લીલાં અને પીળાં ટાઇલ્સ જડી લીધેલાં છે. ઈટાલી, ફ્રાન્સ અને બેલજીયમથી ઘણાં ટાઇલ્સ આવે છે, પણ જેપૂરનાં અને દિલ્હીનાં ટાઇલ્સની રંગમાં તે બરોબરી કરી શકે તેમ નથી. સેંકડો વર્ષ થયાં રંગ ઝાંખો પડ્યો નથી, એ બનાવટની ખૂબી છે. શેરશાહ અને સલીમશાહ, ખ્વાજા કાકીને માનનારા હતા, અને તેઓએ હિન્દુઓની કારીગરીવાળો એક દરવાજો ત્યાં બંધાવ્યો છે.

સુલતાન અલ્તમશની કબર (ચિત્રપટ દશમું)

કુતબ-ઉદ્-દીનની મસીદની પાછળ વાયવ્ય ખૂણા તરફ બહારથી ચોસઠ અને અંદરથી ત્રીશ ચોરસ ફીટનું રાતા પત્થરનું બાંધેલું એ નાનું સુંદર મકાન છે. જમીનથી તે છત સુધી કોતરકામથી ભરપૂર-કોતરકામ બન્ને પ્રકારનું-પત્થરમાં કોતરેલું અને પત્થરપર ઉપસાવેલું-તે મકાન છે. માત્ર પશ્ચિમ તરફના બે ખૂણાઓ અને પૂર્વ તરફના દ્વારની બે બાજુઓ કોતરકામ વગરની રહી ગઈ છે. એમ લાગે છે કે આ સર્વ કોતરકામ એક વેળાએ રંગેલું હશે. ન હોય તો પણ, દક્ષિણ બાજુની દિવાલનો એક ભાગ રંગેલો છે. પશ્ચિમ બાજુના મેહેરાબપર રંગોની ઝાંખી રેખાઓ દેખાયા કરે છે. આ મકાનની વચમાં સુલતાન શમ્સ-ઉદ્-દીન અલ્તમશની મનહર કબર છે. અન્ય કબરો કરતાં આ કબર અતિ ઉંચી અને અસાધારણ કદની છે. કબરની નીચેની બેઠક ઉપર કોતરેલા પત્થરનો એક પટો છે તે પણ મોટો છે. હિંદુસ્તાનમાં સૌથી જૂનામાં જૂની અને જાણીતી કબર માત્ર આ જ છે. અન્ય મકાનો કરતાં તે નાનું છે, પણ તેરમા સૈકાની હિંદુ કારિગરીનો તે અત્યુત્તમ નમુનો છે.

અલાઈ દરવાજા (ચિત્રપટ અગ્યારમું)

અલાઉદ્દીનનાં બંધાવેલાં કામોમાં દક્ષિણ બાજુનો અલાઈ દરવાજો છે. "પઠાણો રાક્ષસી કામો બંધાવતા અને તેમાં ઝવેરીઓ પાસે હીરાઓ મઢાવતા" એવી બીશપ હેબરની એક ઉક્તિ છે. એ નિઃસંશય સત્ય છે. ભારતવર્ષમાં તો શું પણ આખા જગતમાં આ દરવાજાનું બહારનું અને

અંદરનું વિવિધ પ્રકારના રંગયુક્ત કોતરકામ અદ્વિતીય છે. આ દરવાજો અનનુકરણીય છે. બારિક કોતરકામને રંગ બેરંગથી દીપાવવામાં આવ્યું છે. તેનું સંપૂર્ણ અધ્યયન કરવું જ મુશ્કેલ છે. દરવાજાની ત્રણ બહારની બાજુઓપરની અણીયાળી કમાનો અને ખૂણાઓ અલૌકિક છે. દરવાજાની ઉત્તર બાજુની કમાનોનો શણગાર વિલક્ષણ છે. દીવાલોપરના કઠેરાઓનો મોટો ભાગ નાશ પામવાથી તે ઉતરાવી નાંખ્યાથી બહારની બાજુની ભવ્યતામાં કંઈક ખામી આવે છે. આ દરવાજો અલાઉદ્દીનના મરણના પાંચ વર્ષ પૂર્વે પૂર્ણ થયો હતો. અંદરથી દીવાલોને જાણે પથ્થરરૂપી બારીક કપડાંથી ઢાંકી દીધી હોય તેમ લાગે છે. આ દરવાજાની ભિંતો ઉપર ઉત્તમ કામ કરેલું છે પણ તેનો ગુંબજ અતિ સાદો છે. ગુંબજમાં કોઈ બારી નથી, અને તેથી ઉપલો ભાગ જે નીચેના ભાગના પ્રમાણમાં સાદો છે, તે અંધારામાં જણાતો નથી. આ દરવાજાનું ક્ષેત્રફળ બહારથી ૫૬ ફીટ અને અંદરથી ચોત્રીશ ફીટ છ ઇંચનું છે.

તુઘલખશાહની કબર (ચિત્રપટ બારમું)

મહમદ તુઘલખને ખુની શાહ કહેવામાં આવે છે, કારણ કે તે તરંગમાં આવે તેવા હુકમો કરતો અને તેનો ગમે તેવો જુલમ કરી અમલ કરતો. બીજું તેણે તેના પિતાનું ખૂન કર્યું એવો તેનાપર આરોપ છે. બંગાળા પ્રાંત જિતી તેની વ્યવસ્થા કરીને તે પાછો આવતો હતો ત્યારે તેના દીકરાએ તેને આવકાર આપવા એક શામીયાનો ઉભો કર્યો હતો. એ શામીયાનો એકાએક પડી ગયો અને તુઘલખશાહ મરણ પામ્યો. આ મકબરો પિતાનાં ખુનની પાછળ દીકરાના પશ્ચાત્તાપનું ચિહ્ન છે એમ કહેવામાં આવે છે.

એ કબર આસપાસની કિલ્લાની દિવાલના કરતાં ઉંચી છે. સામાન્ય રીતે બાદશાહોની કબરોની આસપાસ બગીચાઓ હોય છે, પણ આ કબર અને સસ્સારામમાં સુલતાન શેરખાં સુરની કબર, તળાવોની વચમાં છે. જ્યારે એ તળાવો ભરપૂર હશે ત્યારે કબર ઘણી સુંદર લાગતી હશે. આ કબરનો ઘાટ પઠાણ ઢબનો છે. તેની દિવાલો ઢોળાવ પડતી છે, અને તે ઇજીપ્તના પીરામીડની બેઠક જેવી મજબૂત છે.

આ મકબરો રાતા પત્થરનો છે. હિન્દમાં ઢોળાવ પડતી દિવાલવાળું મકાન આના કરતાં કોઈ જૂનું નથી. મકબરાના દરવાજા ઉપર સફેદ આરસનો સહજ ઉપયોગ કર્યો છે, અને તેના ઉપલા ભાગમાં નાળઘાટી કમાનના પ્રારંભથી એક સફેદ પટો બાંધ્યો હોય તેમ ચારે બાજુએ આરસ જડેલા છે, અને તેની ઉપર ગોખલાઓમાં અને તેથી વધારે ઉંચે કિનારમાં આરસનો ઉપયોગ કર્યો છે. આરસનો જુજ ઉપયોગ કરેલો હોવાથી રાતા પત્થરની સામે સફેદ રંગ ઘણો સારો ખીલી નીકળે છે. ઉપરનો ઘુમટ માત્ર આરસનો છે, અને ઘુમટની ટોંચ રાતા પત્થરની છે. આ મકાનના ઘુમટ કરતાં જૂનો ગોળ ઘુમટ હિન્દમાં કોઈ પણ નથી. ઘુમટ બાંધવાનો આ પ્રારંભ હોવાથી તેના પત્થરો એક બીજા સાથે બરાબર ગોઠવાયલા નથી. ૧૮૫૭ ના બળવા પ્રસંગે આ ઘુમટના શુદ્ધ આરસો આસપાસમાં ગામડાંવાળાઓને કાઢી જઈ વેચી નાંખવાનો હુકમ થયો હતો, પણ પાછળથી તે પત્થરો પાછા મૂકાવ્યા હતા. અંદરથી મકબરો સાદો છે.

નિઝામ-ઉદ્-દીન ઓલીયા (ચિત્રપટ તેરમું અને ચૌદમું)

ફારસીમાં ઓલીયા–અવ્લીયાનો મહાત્મા, દુલ્લા દીલનો એવો અર્થ થાય છે, અને ગુજરાતી ભાષામાં ઓલીઓ એટલે ભાન વગરનો, અથવા તો પરમેશ્વરનું માણસ એવો અર્થ કરવામાં આવે છે. મુસલમાનોમાં નિઝામ–ઉદ્–દીન ઓલીયો એક ઘણો પ્રખ્યાત શેખ થઈ ગયો છે, અને હિન્દુસ્તાનમાં નિઝામ–ઉદ્–દીન ઓલીયાને માનનારા મુસલમાનો તેમ હિન્દુઓ ઘણા છે. તેનું આખું નામ શેખ–ઉલ–ઇસલામ–નિઝામ–ઉલ–હક–વા–ઉદ્–દીન હતું; પણ લોકોમાં નિઝામ–ઉદ્–દીન ઓલીયાને નામે તે વિશેષ પ્રખ્યાત છે. નિઝામ–ઉદ્–દીન ચોથો ચીસ્તી છે. ઈ. સ. ના ચૌદમા સૈકાના પ્રારંભમાં નિઝામ–ઉદ્–દીન હયાત હતો, અને તેનું રહેવાનું મકાન હુમાયુ બાદશાહના મકબરાની સમીપમાં બતાવવામાં આવે છે.

ઓલીયાનો એક ચમત્કાર એવો કહેવામાં આવે છે, કે ૧૩૦૩ તુર્ઘીયા ખાનની સરદારી નીચે હિન્દપર ચઢી આવેલા મોગલ સૈન્યના કેટલાક નાયકોની એક જ રાત્રિમાં કતલ કરી, તે સૈન્યને બીવડાવી નસાડ્યું હતું. નિઝામ–ઉદ્–દીનને લોકો 'દસ્ત–ઓલ–બળ' કહેતા હતા, કારણ કે તેની આવકનું કોઈ સાધન હતું નહી, અને તે છતાં તે બાદશાહી ખર્ચ કરતો હતો! એમ કહે છે કે ચોરો, લુટારુઓ, ઠગોનો તે સરદાર હતો! તેઓ તેને પોતાની લુટ સોંપતા હતા, અને તે ખેરાત કરતો હતો. નિઝામ–ઉદ્–દીન ઓલીયાને તે સમયના સુલતાનો સાથે ઘણી તકરારો થઈ હતી, અને તેના પુરાવા તરીકે તુઘલખાબાદનો નાશ અને નિઝામ–ઉદ્–દીન ઓલીયાના મકબરા પાસેની વાવનું પાણી કડવું કરી નાંખવાનો દાખલો આપવામાં આવે છે.

હુનુ દિલ્હી દૂર છે!


ગુજરાતીમાં આ કહેવત જાણીતી છે. ગુજરાતીમાંની કહેવત ફારસીમાંથી આવી છે, અને એ કહેવત નિઝામ–ઉદ્–દીને ઘડેલી છે. તે નીચેની વાર્તાપરથી સમજાશે.

તુઘલખશાહ બાદશાહ તુઘલખાબાદ શહેર જલદીથી બંધાવી પૂરું કરવાને ઘણો આતુર હતો, અને તેટલા માટે જેટલાં વધારે મનુષ્યો શહેર અને કિલ્લો બાંધવાને મળે તેટલાં ભેગાં કરવાને પ્રયત્ન કરતો હતો. એ જ સમયે નિઝામ–ઉદ્–દીન પણ પોતાના મકબરાની સમીપ એક મોટી વાવ બંધાવતો હતો. તેનાં માણસોને પોતાનું શહેર બાંધવા માટે સમજાવીને તુઘલખશાહ લઈ ગયો. આ ઉપરથી ઓલીયાને પણ વાવ જલદીથી પૂરી કરવાનો ઉત્સાહ છૂટ્યો. તેણે રાતના મસાલો સળગાવી કામ ચલાવવા માંડ્યું. બાદશાહે તેપરથી તેને કોઇએ પણ તેલ વેચવું કે આપવું નહીં એવો હુકમ કાઢ્યો. ઓલીયાએ આ ઉપરથી પોતાની શક્તિ અજમાવી, અને તેથી વાવમાંથી જળને બદલે તેલ નીકળવા માંડ્યું અને તેનો મસાલમાં ઉપયોગ કરવા માંડ્યો. તુઘલખશાહ આથી ઘણો જ ગુસ્સે થયો, અને શાપ દીધો કે વાવનું પાણી કડવું નીકળશે. ઓલીયાએ આ ઉપરથી સામો શાપ દીધો કે તુઘલખાબાદ નાશ પામશે. "યા બસે ગુજર, યા રહે ઉજર." બન્નેના શાપો સત્ય થયા. જળ કડવું નીકળ્યું અને તુઘલખશાહની રાજધાની તુઘલખાબાદ વસી જ નહીં. વિશેષમાં એમ કહેવામાં આવે છે કે, ઓલીયાની શીખવણીથી તુઘલખશાહના દીકરા મહમદશાહ પાસે



[ચિત્રપટ પંદરમું]


પુરાણા કિલ્લા
(ઇન્દ્રપ્રસ્થ)



[ચિત્રપટ સોળમું]


શેરશાહની કબર

(કિલ્લાકોણા મસ્જીદ)



[ચિત્રપટ સત્તરમું]

હુમાયુંનો મકબરો



[ચિત્રપટ અઢારમું]

વેધશાળા

(જંતરમંતર)

શામીયાને તોડી પાડી તેને મારી નંખાવ્યો. તુઘલખશાહ બંગાળાની વ્યવસ્થા કરી દિલ્હી પાછો ફરતો હતો ત્યારે તે ઓલીયાનું અભિમાન તોડવાની અને તેને મારી નાંખવાની વાતો કરતો હતો. આ ઉપરથી ઓલીયાના અનુયાયીઓ તેને દિલ્હી છોડી નાસી જવાની સલાહ આપતા, ત્યારે ઓલીઓ પોતાના અનુયાયીઓને કહેતો હતો કે, બાદશાહ વાતો જ કરે છે; "દીલ્હી હનોઝ દૂર અસ્ત," દીલ્હી હજી બહુ દૂર છે.

બીજી વાત એવી કહેવામાં આવે છે કે, ઓલીયાએ જલાલ–ઉદ્–દીન–ખીલજીને, અલ્લા–ઉદ્–દીન દગાથી મારી નાંખશે, એવી અગમચેતી કરી હતી. ઓલીયાના વિરોધીઓ તેનો એવો જવાબ આપે છે કે તેણેજ ભત્રીજા પાસે કાકાનું ખૂન કરાવ્યું હતું. સુલ્તાન બલ્બનના સમયમાં ઓલીયા હિન્દુસ્તાન આવ્યો હતો, અને મરણ સમયે તેનું વય ઇ. સ. ૧૩૨૪ માં ૯૨ વર્ષનું હતું. અબુ-લફઝલ કહે છે કે, તેને અલ–બહહાથ (મોટો વાદ કરનાર) અને મહફીલ શીકન (સભાઓને મહાત્ કરનારો) પણ લોકો કહેતા હતા.

ઓલીયાનો મકબરો અને વાવ

ઓલીયાના મકબરામાં દાખલ થવાના મુખ્ય દરવાજાપરની તા૦ ઇ. સ. ૧૩૧૮ છે, અને વાવની બીજી બાજુનો અંદરનો દરવાજો પણ તે જ વર્ષ સૂચવે છે. એ બન્ને દરવાજાઓ ફીરોજશાહ તુઘલખના બાંધેલા છે. મુખ્ય દરવાજેથી દાખલ થતાં બન્ને બાજુએ પઠાણ ઘાટની કબરો છે. સહજ આગળ ચાલતાં જમણી બાજુએ બે માળની એક મસીદ છે. આવી ગોઠવણ બીજાં જૂનાં મુસલમાની મકાનમાં જોવામાં આવતી નથી. તેની જમણી બાજુએ બાઇ કોકળદેની મસીદ અને કબર છે. શાહજહાંન બાદશાહની તે મુખ્ય પટરાણી હતી. તેની પાછળ રાતા રેતાળ પત્થરોના સ્તંભો ઉપર એક જૂનો સોનાનો કળશ છે. આ બાઈની કબરપરનો પત્થર ઘણોજ સુંદર છે. તે જોવાને માટે વાવના દક્ષિણ છેડાપરની ગેલેરીપરથી જવાની જરૂર છે. પૂર્વ બાજુએ એક પાકો બાંધેલો રસ્તો છે ત્યાંથી એ ગેલેરીપર જવાય છે. આ વાવ સાઠ ફીટ પહોળી અને ત્રીશ ફીટ ઉંડી છે. આ વાવમાં કેટલાંક માણસો એક ભાંગેલી કબરની છેક ટોંચપર ચઢીને આસરે પચાસ સાઠ ફીટ ઉંચેથી કુદે છે, અને મકબરો જોવા આવતા લોકો પાસેથી ભીખ માંગે છે. આ વાવમાં આટલે ઉંચેથી કુદવાની સગવડને માટે વાવનું નામ 'ચશ્મ દીલખુશ' પાડ્યું છે. ચશ્મ દીલખુશનો અર્થ હીજરી વર્ષ ૭૧૩ એટલે ઇ. સ. ૧૩૧૩ થાય છે, અને તે જો સત્ય હોય તો વાવ બાંધવાનો સમય અને તુઘલખશાહનો સમય જૂદો પડે છે. વાવમાં પૂર્વ બાજુએ એક કમાનવાળો રસ્તો છે ત્યાં ઓલીયા બેસતો હતો, એમ કહેવામાં આવે છે.

વાવની દક્ષિણ બાજુએ ત્રીજે દરવાજે ઓળંગતાં દરગાહવાળા ચોગાનમાં જવાય છે. એ દરગાહ ઉપર કોઇ લેખ નથી. દરગાહનું કામ આધુનિક તાજીયા જેવું લાગે છે. દરગાહની બીજી બાજુએ આમલીનું વૃક્ષ છે. તેની છાયામાં તેનો દેખાવ સુંદર લાગે છે. વૃક્ષની બાજુમાં એક અષ્ટ-કોણાકાર છે. તેમાં ખાસ પ્રસંગે મીઠાઈ અને દૂધ ભરવામાં આવે છે. જે દરવાજેથી દરગાહમાં દાખલ થવાય છે, તેની જમણી બાજુના ખુણાપર ઔરંગજેબ બાદશાહનું બંધાવેલું મજલીસખાનું

છે. દરવાજાની બરાબર સામે મધ્યમાં ઓલીયાની દરગાહ છે, અને તેની પશ્ચિમે ઔરંગઝેબ બાદશાહની બંધાવેલી ઓલીયાની મસીદ અથવા જમાતખાનું છે. દરગાહપર પુરાતન વસ્તુ કાંઈ નથી. કોઈ શ્રદ્ધાળુઓએ બંધાવેલું આધુનિક બાંધકામ છે. બહારની બાજુએ એક મોટો ઓટલો ચારે તરફ છે, અને દરગાહવાળા ઓરડામાં આરસની ભીંતોમાં આરપાર કોરેલી સુંદર વેલોવાળી જાળીમાંથી અજવાળું આવે છે. એક અંગ્રેજે (મી૦ કલાર્ક નામના એક અંગ્રેજે) દરગાહના ઓટલા ઉપરની છત બંધાવી આપી છે. દરગાહની આસપાસ આરસના નીચા કઠેરા છે. દરગાહને હંમેશાં જરીના કપડાંથી ઢાંકી રાખવામાં આવે છેઃ દરગાહની ઉપર લાકડાંની છતરી છે. તેમાં મોતીની રંગબેરંગી શીપો જડેલી છે. કબરપર બે લેખ છેઃ 'કીબ્લગાહ–ઇ–ખાસ–ઓ–આમ,'નાના મોટા સર્વેને માટે નમાજ પઢવાનું સ્થાન; 'કબ્બા–ઇ–શૈખ', સાધુનો ગુંબજ.' વાર તહેવારે દિલ્હીની અને ઉત્તર હિન્દુસ્તાનની ગાનારીઓ ઓલીયાની કબરે મુજરો કરવા આવે છે. નાચોમાં ગાનારીઓ 'ખ્વાજા લેલો ખબરીયાં હમારી રે' ગાય છે, તે ચીસ્તી પીરોને ઉદ્દેશીને ગાય છે.

જહાનઆરાની કબર

બગએર સબ્કે નપુશદ કસી મઝારે મરા,
કે કબર પુશે એ ગરીબાન હમીન ગીયાહ બસ અસ્ત.

ઓલીયાની કબરની દક્ષિણે નજીકમાં ઘણા સુપ્રસિદ્ધ પુરુષો અને બાદશાહી વંશજોની કબરો છે. મસીદની જોડમાં પહેલી હારમાં આરસની ભીંતથી ભરી લીધેલું એક ચોગાન છે. તેમાં શાહજહાંન બાદશાહની સાથે કેદમાં રહેનારી, અને તેના મરણ પછી સત્તર વર્ષ–અને તેની હરીફ બહેન રોશનઆરા પછી દશ વર્ષ, જીવેલી જહાનઆરા બેગમની કબર છે. રોશનઆરા બેગમ મોજશોખ શોધનારી હતી, ત્યારે જહાનઆરા પિતૃભક્ત હતી. તોપણ કેટલાકો તેના ઉપર એવો આરોપ મૂકે છે કે, પિતા પુત્રીને આડો વ્યવહાર હતો. આ પાછલી વાત માનવા જેવી લાગતી નથી. બર્નીયર અને ટ્રેવર્નીયર નામના મુસાફરો એ વાર્તાને ટેકો આપતા નથી. ઉલટું તેઓ કહે છે કે, તે એક સાધુ જીવન ગાળતી હતી. જહાનઆરાની કબર સાદી છે. તેની ઇચ્છાનુસાર એક આરસનો પત્થર અખંડ કોતરી કાઢીને તેની કબર ઉપર મૂકેલો છે, અને ઉઘાડા ભાગપર ઘાસ ઉગેલું છે. તેની કબર ઉપર લખેલું છે કે, "ઇ. સ. ૧૬૮૨, નાશવંત ફકીર જહાનઆરા બેગમ, શાહજહાંનની પુત્રી, અને ચીસ્ત સાધુઓની શિષ્યા." 'ચીસ્ત' એવું કબર ઉપર લખેલું છે. તેનો અર્થ અંગ્રેજો ખ્રિસ્ત કરે છે, અને સ્લીમેન કહે છે કે દારા શિકોની બેહેન ખ્રિસ્ત મતની હતી. આ એક માત્ર અતિશયોક્તિ જ–અંધતા જ છે. માથા તરફ ઉત્તર બાજુએ એક સુંદર પત્થર છે. તેના ઉપર શાહજાદી ઉપર લખેલી એક શેર કોરી ગઇ છે જે તેના હૃદયની સાદાઈ અને નિરભિમાનીપણું અને સુફીઓને માન્ય જગતની અસારતા–જગતને માનનારા માયાવાદીઓની અસારતા દર્શાવે છે. "લીલા ઘાસને જ માત્ર મારી કબરને ઢાંકવા દેજો; ગરીબ માણસની કબરનું ઉત્તમ ઢાંકણ ઘાસ–તરણું છે." પાછળના મોગલ બાદશાહો પાસે, પોતપોતાને માટે જૂદી કબરો બંધાવાને પૈસા ન હોવાથી જહાનઆરાની કબર પાસે તેમની સાદી કબરો જોવામાં આવે છે.

પુરાણા કિલ્લા—ઇન્દ્રપ્રસ્થ (ચિત્રપટ પંદરમું)

મી૦ ફેન્શો નામનો દિલ્હી સંબંધે એક લખનાર લખે છે કે, પાણીપત, સોનપત, બાઘપત ઇન્દ્રપ્રસ્થ, તલપતને માટે રામાયણનું મહા યુદ્ધ થયું હતું. અસલ જ્યાં ઇન્દ્રપ્રસ્થ હતું ત્યાં હુમાયું બાદશાહે એક કિલ્લો બાંધી નવું દિલ્હી વસાવવા માંડેલું. એ બાદશાહ હારીને નાશી જવા પછી શેરશાહે તે પૂર્ણ કરેલું. એ શહેર અતિત્વરાથી બાંધવામાં આવ્યું હતું. હુમાયું તેને દીનપનાહ કહેતો હતો અને તે શેરશાહના સમયમાં રાજધાની હતી, અને તેને શેરગઢ કહેતા હતા. કિલ્લાનો પરિઘ એક માઇલનો છે. કિલ્લામાં જવાનો દરવાજો દક્ષિણ બાજુએ છે. જે જગ્યાએથી રસ્તો કિલ્લામાં જાય છે ત્યાં સામી બાજુએ રાતા રેતાલ પત્થરના દરવાજાવાળો એક વાડો છે અને અંદર એક મસીદ છે, તેને ખેર–ઉલ–મનઝીલ અથવા લાલચોક કહે છે. ઇ. ૧૫૬૧ માં અકબરને ઉછેરનારી એક ધાત્રી અને આદમખાનની માતા માહમ અનગાહે બંધાવી હતી. એ મસીદમાં કોઈ એક બાણધારીએ અકબર બાદશાહનું ખૂન કરવા પ્રયત્ન કર્યો હતો. કિલ્લાનો દરવાજો ઘણો ઉંચો અને ભવ્ય છે. તેના ઉપરનું રંગિત કામ આકર્ષક છે. કિલ્લાની અંદર એક ગામડું છે, અને તે ઘણું ગંદુ છે. કિલ્લાની ઉત્તર બાજુએ એક દરવાજો જોવામાં આવે છે, પણ તે પૂરાઈ ગયલો છે. તેને લાલ દરવાજો કહે છે. ભોમીયાઓ ગપ મારે છે કે, માત્ર ચક્રવર્તી રાજા જ તેને ઉઘાડી શકશે. લાલ દરવાજાની દક્ષિણે જમણી બાજુએ ફરિદખાનની કર્વાનસરી–ધર્મશાળા છે, જેનો હમણાં જેલ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તેનાથી આગળ જહાંગીર બાદશાહને લાહોરમાં કેદ પકડનાર મોહોબતખાન નામના એક વટલેલ રાજપૂતની મસીદ છે, અને તેની કબર સફદરજંગની અગ્નિ ખૂણામાં છે. પુરાણા કિલ્લાની ઉત્તર બાજુએ યુધિષ્ઠિર મહારાજે અશ્વમેધ કર્યો તે અને શિવે વેદનો જ્યાં ઉદ્ધાર કર્યો તે બે જગ્યાઓ બતાવવામાં આવે છે અને જ્યારે સોમવારે શુદ દ્વિતીયા આવે છે ત્યારે ત્યાં એક મેળો ભરાય છે.

શેરશાહની મસીદ (ચિત્રપટ સોળમું)


પુરાણા કિલ્લામાં પેઠા પછી એક ગલીમાં થઇને ઉત્તર બાજુએ શેરશાહની મસીદ અને શેર મંડળ અથવા શેરશાહનો મહેલ છે. મસીદની કમાનાવળિમાં રંગીન કામ ઘણું ઉત્તમ છે, અને બગડેલો ભાગ સરકારનાં પુરાણાં બાંધકામ ખાતાંએ સુધારી પૂર્ણ કરેલો છે. આ મસીદમાં વાપરેલા રાતા પત્થરનો રંગ ઘેરો છે. કમાનાવળિમાં બારીઓ અને ઝરુખા છે. ઝરુખા નીચેના ખૂણીયા અને હીરગ્રહણ (brackets) આગ્રામાં અકબરના મહેલમાં છે તેવા છે. મસીદની અંદરનો ભાગ પણ ઘણો સારો છે. કમાનોમાંની વેલબુટીઓ જોવા જેવી છે.

મસીદની પાસે શેર મંડળ અથવા શેરશાહનું પુસ્તકાલય અને મહેલ છે. એમ કહેવાય છે કે, ઇ. સ. ૧૫૫૬ માં હુમાયું વાંચવામાં એવો મશગુલ થયો હતો કે તેને સમયનું ભાન રહ્યું નહીં; એટલામાં કાજીએ નિમાજના સમયનો પોકાર કર્યો તે તેના કાનપર અથડાયો અને તે મસીદમાં જવાને ઉઠયો, પણ ઉતાવળમાં નીચે ઉતરવા જતાં દાદરપરથી તેનો પગ લપસ્યો અને તે

મરણ પામ્યો. આજે પણ શેરમંડળનાં પગથીયાં એવાં ખરાબ અને ઉચાં છે કે, સંભાળીને જો કોઇ ચઢે કે ઉતરે નહીં તો જરૂર નીચેજ આવે.


હુમાયુંનો મકબરો (ચિત્રપટ સત્તરમું)

પુરાણા કિલ્લાની દક્ષિણે અને નિઝામુદ્દીન ઓલીયાના મકબરાની પૂર્વ બાજુએ જમના નદીના કિનારાપર આવેલો છે. આ સ્થાન ઘણું રમણીય છે. આ મકબરાનો ઘાટ અન્ય જૂના મકબરાથી જૂદો પડે છે. પઠાણ શૈલી અને મોગલ શૈલીની ભિન્નતાનું આ પ્રથમ ચિહ્ન છે. કમરપૂર ઉંચાઇનો એક ચોરસ ઓટલો બાંધી તેના ઉપર તેનાથી સહેજ નાનો ઓટલો બાંધ્યો છે, અને તેના ઉપર મકબરો ચણેલો છે. બધું કામ પાકું કરેલું છે. ઓટલો આરસો ચોરસવાર છે. એ મકબરાનું કામ પૂરું કરતાં સોળ વર્ષ લાગ્યાં હતાં. આગ્રામાં તાજમહાલ, લાહોરમાં જાહાંગીરની કબર–શાહદરા, સફદરજંગનો મકબરો, એ જ રીતિએ બાંધેલા છે. એ મકબરેનો પહેલો ઓટલો ચઢતાં જ સામો એક માર્ગ દેખાય છે તે, જ્યાં હુમાયું બાદશાહની કબર છે ત્યાં નીચે જાય છે. આ મકબરો સૌંદર્યમાં તાજની બરાબરી કરી શકે તેમ નથી, તો પણ એની મજબૂત બાંધણી જોનારને આશ્ચર્ય કરે તેવી છે. અકબરનો સિકંદ્રાનો અને જહાંગીરનો શાહાદરાનો મકબરો કરતાં આ મકબરો સાદો છે, પણ ઘેરા, રાતા પત્થરમાં સફેદ આરસને જડેલા અને આરસના ઘુમટવાળા મકબરાને કેટલાકો વધારે પસંદ કરે છે તેમાંનો આ એક છે. મકબરાનો ઘાટ વિલક્ષણ છે. બે બાજુપરના અષ્ટ ખૂણાઓ મધ્યના ચોરસભાગના ચાર ખૂણામાંથી બહાર ખેંચી કાઢેલા છે. મધ્યભાગ અષ્ટખૂણી છે અને તેની ઉપર આરસનો ઘુમટ છે. પઠાણોની ઘુમટની શૈલી એક ગોળ દડાના આકાશ તડફના છ આના જેટલો ભાગ કાપી કાઢી તે છ આના જેટલો કે આઠ આના જેટલો ભાગ માથે મૂકવા જેવી છે. મોગલોની શૈલી તેથી ઉલટી છે. દડાનો નીચેનો ચાર આના જેટલો ભાગ કાપીને તે પોકળ કરીને ગોઠવવા જેવી છે. વળી આ જ મકાનમાં ચારે ખૂણે અષ્ટખૂણીયા મીનારાઓ પહેલાં જોવામાં આવે છે. અંદર દાખલ થવાને માત્ર એક જ માર્ગ છે, બાકીની સર્વ બાજુઓ, આરપાર કોરેલા સંગેમરમરના પત્થરની જાળીઓથી બંધ કરી છે. ઉપરની અગાસીને પત્થરના ઘેરોથી ઘેરેલી છે કે કોઇ પડી જાય નહીં. નીચેના ભંડારમાં હુમાયુંની કબર છે. તેની પ્રેમાળ પત્ની, અકબરની મા–હાજી બેગમ જેણે આ મકબરો બંધાવ્યો હતો તેની કબર ઇશાન ખૂણામાં છે. બીજા ખૂણામાં કબરો છે, પણ તે કોની છે તે કોઇ જાણતું નથી. પણ એમ કહે છે કે, શાહજહાંનના વડા પુત્ર દારા શિકોહ જેનું ઔરંગજેબે ખૂન કરાવ્યું હતું તેની કબર, શાહ આલમ બહાદુરશાહના બે ભાઇઓ અને તેમના ત્રણ દીકરાઓ, અને જાંહાંદરશાહ અને આલમગીર બીજાની કબરો છે. અકબરનો દીકરો જાંહાંગીર પોતાના પુત્ર ખુશરુને પકડવાને નીકળેલો ત્યારે તે હુમાયુંના મકબરાની અને ઓ-લીયાના મકબરાની મુલાકાત લઈ ગયો હતો. આ મકબરામાં પહેલાં મદ્રેસા હતી ને વિદ્યાર્થીઓ, અને હકીમો (પંડિતો) મકબરાની આસપાસના ઓરડાઓમાં રહેતા હતા. હુમાયુંનો મકબરો મોગલાઈ બાંધકામમાં સૌથી પહેલો છે અને તેની પાછળ તે સમયે ૧૫ લાખ રૂપીયાનો ખર્ચ થયો હતો અને બાંધકામ પૂરું કરતાં સોળ વર્ષ લાગ્યાં હતાં.




[ચિત્રપટ ઓગણીશમું

ચૌસઠ ખમ્ભા




[ચિત્રપટ વીશમું] જુમ્મા મસીદ



[ચિત્રપટ એકવીશમું]

લાહોરી દરવાજા



[ચિત્રપટ બાવીશમું] દીવાન-ઇ-આમ

ચિત્રપટ ત્રેવીશમું] દીવાન-ઇ-આમ

વેધશાળા (જંતર મંતર) (ચિત્રપટ અઢારમું)

શાહાજહાનાબાદના અજમેરી દરવાજાથી દોઢેક માઈલ દૂર જેપૂરના જયસિંહ રાજાની બંધાવેલી વેધશાળા છે. સવાઇ જયસિહ એક મોટો જ્યોતિષી હતો. તેની વિદ્વત્તા હજી પણ સ્વીકારવામાં આવે છે. આજનું જયપુર તેનું જ વસાવેલું છે. દિલ્લી દરબારમાં તેનો સારો લાગવગ હતો અને મરાઠાઓને ચૌથ અને સરદેશ મુખીની સનદ તેણે જ અપાવી હતી. મોટા બાજીરાવ પેશવાને માળવાની સુબેદારી પણ તેણે જ અપાવી હતી. તેણે દિલ્લી, જયપુર, ઉજ્જયિની, કાશી, આદિ સ્થળોએ વેધશાળા બાંધી હતી. તેણે જ્યોતિષના કલ્પદ્રુમ વિગેરે ગ્રન્થો પણ લખેલા છે. આ સ્થળેથી ખેરપુરનો ખંડીયરો, હુમાયુંનાં મકબરો, પુરાણા કિલ્લા, અને જુમ્મ મસીદ રસ્તામાંથી દેખાય છે. આ વેધશાળા ઈ. સ. ૧૭૨૪ માં બંધાવેલી હતી, પણ જાટ લોકેએ બંધાયા પછીના પચાસ વર્ષમાં તેની ભાંગ ફોડ કરી હતી. અંગ્રેજ સરકારે તેને સમરાવવાનો પ્રયત્ન કરેલો છે, પણ તે હજી પૂર્ણ થયો નથી. મધ્યરેષાનું ઘડિયાળ હજી છે, પણ ચક્રના ઘેરાવના આરસનું કામ જેનાપર અંશોનાં ચિહ્ન કાઢેલાં હતાં, અને તે જ પ્રમાણે કમાનનાં ચિહ્નો સર્વ નાશ પામ્યાં છે. ઈ. સ. ૧૭૯૦ માં તેને સમારવાને સહજ પ્રયત્ન થયો હતો. કમાનાવળિવાળાં ત્રણ માલનાં બે મકાનો આગમાં બળી ગયલાં મકાન જેવાં સાધારણ દૃષ્ટિએ લાગે છે, પણ તે તારાઓનાં **ascension** અને **declension** નું માપ કાઢવાને ખાસ બાંધેલાં છે. એમ કાનને છાયા મંત્ર કહે છે. વેધશાળાની આખી યોજના સવાઇ જયસિંહની બુદ્ધિનું પરિણામ છે. આ વેધશાળાનું ખરું નામ સમ્રાટ મંત્ર છે. પરંતુ લોકો તેને જંતર મંતર કહે છે. એક વેળાએ માધવ ગંજમાં–વેધશાળાની પૂર્વ બાજુના ગામમાં જયપુરના રાજાનો મહેલ અને તબેલાઓ હતા, અને આજે પણ એ ગામની જાગીર જયપૂરના રાજા જ લે છે. અત્રેથી અર્ધો મૈલ દૂર એક સુંદર વાવ છે તેને ઉગ્રસેનની વાવડી કહે છે. શાહેર તરફ જતાં રસ્તાની બાજુએ મોટા ઢગ નજરે પડે છે. તે ઈંટો બનાવવાની ભઠ્ઠીઓ હતી. એમ કહેવામાં આવે છે કે ફીરોજાબાદ અને દીનપનાહને તોડી શાહાંજહાનાબાદ વસાવવા માટે ત્યાંથી આણેલા મસાલાની ખોટ પૂરવાને ઈંટો બનાવવાની આ ભઠ્ઠીઓ બાંધવામાં આવી હતી.

ચૌસઠ ખમ્ભા મસીદ (ચિત્રપટ ઓગણીસમું)

નિઝામ–ઉદ્‌–દીન ઓલીયાના મકબરાથી બસો ફીટ નૈઋત્ય ખૂણામાં અને 'ચબુત્રા બારાની'ની બરાબર સામે 'ચૌસઠ ખમ્ભા' નામની એક જોવા જેવી દરગાહ છે. આજમખાન અને તેના ભાઇના કુટુમ્બીઓ અત્રે દટાયલા છે. આજમખાનની પેઠે તેઓ 'પાંચ હજારી' હતા. મોગલોના સમયમાં પાંચ હજાર ઘોડેસ્વાર કે પાયદળના નાયક થવાનું માન સૌથી મોટામાં મોટું ગણાતું હતું. અકબર બાદશાહના દૂધ ભાઈ મીરઝા અઝીઝ કોકલતશે એ મકાન બંધાવ્યું હતું. તેનું મરણ ઇ. સ. ૧૬૨૪ માં થયું હતું. તેના વંશજોએ મોગલોની ઘણી સેવા કરી છે. તે સર્વે 'આટગા ખેલ'ને નામે ઓળખાતા હતા. આ દરગાહમાં ઝાંખા લીલા ભૂરા રંગના આરસ વાપરેલા છે અને તેથી અંદરથી તે અતિ સુંદર લાગે છે.

જુમ્મા મસીદ (ચિત્રપટ વીસમું.)

દીલ્હીના ગઢના દીલ્હી દરવાજાની સામે, ચાંદની ચોકની દક્ષિણ બાજુમાં દીલ્હીમાં આવનાર કોઇ પણ મુસાફરનું ધ્યાન ખેંચે એવી જુમ્મા મસીદ છે. એનું અસલ નામ મસ્જીદ જહાંનુમા છે. આ મસીદ શાહજહાં બાદશાહે ઇ. સ. ૧૬૨૯–૪૮ માં બંધાવી હતી. બાદશાહી કિલ્લામાંથી મસીદ તરફ આવવાના માર્ગમાં પહેલાં દશ બાજુવાળો ચોક, જેવો ચાંદની ચોકમાં બેગમ સીરાઇ આગળ છે તેવો, હતો. પણ હાલમાં મસીદ અને કિલ્લા વચ્ચેનો ભાગ તોડી પાડીને મેદાન બનાવેલું છે. જુમ્મા મસીદ જોવાની ખરી મજાહ બે વેળાએ છે: એક તો ઉગતા સૂર્યનાં કિરણો મસીદપર દેખાતાં હોય ત્યારે, અને બીજો સમય પૂર્ણિમાની રાત્રિ. તેમાં પણ જો પ્રભાતમાં મસીદની પાછળથી વાદળાં પસાર થતાં હોય ત્યારે જોવાની ઓર મજાહ પડે છે. ઇદને દિવસે અત્રે જે મેદની નિમાજીઓની થાય છે, તે પણ એકવાર જોવા જેવી છે.

ઈશ્વરની પૂજા નિમિત્તે મનુષ્યે બંધાવેલાં જગતના મોટાં મોટાં મકાનોમાંનું આ એક મકાન છે. બાદશાહી મસીદોમાં દિલ્હીની જુમ્મા મસીદ સૌથી મોટી છે, અને દિલ્હીમાં સૌથી ઉંચામાં ઉંચું મકાન એ જ છે. વળી પઠાણોની બાંધેલી કુતુબ મસ્જીદ કરતાં કારિગીરીમાં પણ મોગલોએ બાંધેલી આ શીહા મસીદ ચઢે તેમ છે. દિલ્હીની ઉત્તરે જેમ આરાવલીની ડુંગરીઓ છે તેમ દિલ્હી શહેરમાં પણ જુજુલા પહાર નામની એક ડુંગરી જમીનની સપાટીથી ત્રીશ ફીટ ઉંચી છે. એ ડુંગરીને સપાટ કરી તે ઉપર આ મસીદ બાંધવામાં આવી છે. મસીદનું મોં પૂર્વ તરફ છે, અને પીઠ પશ્ચિમે મક્કા તરફ રાખી છે કે જેથી નિમાજ પઢનારાઓ પેગમ્બર સાહેબના આરામગાહ તરફ મુખ રાખી નિમાજ પઢી શકે. મસીદની ચારે બાજુએ મોટા રસ્તાઓ છે. અંદર દાખલ થવાને ઉત્તર, પૂર્વ, અને દક્ષિણ તરફ મોટા ઉંચા દરવાજાઓ છે, જેથી સર્વ દિશામાંથી નિમાજ પઢનારાઓ ત્યાં આવી શકે. ચૌદસો ચોરસવાર મસીદનો પાયો છે. જે ભાગપર મસીદ ચણી નથી તે ભાગપર રાતા પત્થરો જડી દીધેલા છે. ત્રણ દરવાજામાં દાખલ થવાને ત્રણે દિશામાં નદીના કિનારાપરના મોટા ઘાટ જેવા ઘાટ બાંધેલા છે. ત્રણે બાજુના દરવાજાપર પિત્તળના સફાઈદાર પતરાંઓ જડી લીધેલાં છે, અને થોડે થોડે છેટે પિત્તળની ચક્રી સાથના ખીલાઓ જડેલા છે તે દૂરથી ઘણા શોભાયમાન લાગે છે. તેમાં પણ પૂર્વ તરફનો દરવાજો સૌથી મોટો છે. મોગલાઈના વખતમાં પૂર્વ તરફનો દરવાજો બાદશાહોને દાખલ કરવાને ઉઘાડવામાં આવતો હતો. ૧૮૫૭ ના બળવા પછી એ દરવાજો અંગ્રેજી રાજવંશના પુરુષો, વૈસરાય, અને પંજાબના લફટનન્ટ ગવર્નર, સૈન્યાધિપતિ કે પ્રાંતિક ગવર્નર સિવાય બીજા કોઇને માટે દરવાજો ઉઘાડવામાં આવતો નથી.

જુમ્મા મસીદની બેઠક ખડકની છે અને તેની ત્રણે બાજુએ સ્તંભ સાથના કમાનોની હાર છે. પરંતુ ખરી ખૂબી તો જે અગાસીપર મસીદ બાંધી છે તેની ત્રણે બાજુએ સ્તંભ ઉપર ઉભી કરેલી કમાનોની હારની હાર જોવામાં છે. એ કમાનો અને નીચેની પાયાની કમાનોની વચમાં આરસના પત્થરો જડેલા છે, જે દૂરથી છજાં જેવું લાગે છે. વળી ઉપરની કમાનો પૂરી દીધેલી નથી, પણ ખુલ્લી છે; તેથી દૂરથી અંદરની મસીદનો કેટલોક ભાગ દેખાય છે, અને તે મન-

હર લાગે છે. મસીદનો બહારનો ભાગ રાતા પત્થરનો બાંધેલો છે. અંદરનો ચોક ૪૦૦ ફીટ લાંબો અને ૪૦૦ ફીટ પહોળો છે, અને પશ્ચિમ બાજુએ નિમાજ પઢવાનો ઉંચો ઓટલો ૨૬૦ ફીટ લાંબો અને ૯૦ ફીટ પહોળો છે. પૂર્વ બાજુના દરવાજામાંથી કિલ્લાનો અને દીલ્હી દરવાજાનો દેખાવ ઘણો સારો લાગે છે, જો કે કિલ્લાની બાજુથી મસીદ તરફ જોતાં નીચેના ભાગમાં દુકાનો કાઢેલી હોવાથી તેની શોભામાં ઘટાડો થયો છે. મસીદના ચાર ખૂણા ઉપર નાની નાની ચારે બાજુથી ખુલ્લી બંગલીઓ કાઢેલી છે, અને તેના માથા ઉપર આરસના ગોળ ગુંબજો છે. બીજું કમાનોની હારો ઉપર ત્રણે બાજુએ અગાસી છે, અને અગાસીના ઘેરા કાંગરાવાળા છે. દરવાજા-પરની અગાસીને રાતા પત્થરના કઠેરાઓ છે, અને અગાસીના ખૂણીઆપર નાના નાના મીનારાઓ છે, અને પ્રત્યેક મીનારાને માથે ખુલ્લી છતરી અને છતરીપર આરસના નાના નાના ઘુમટો છે.


મસીદની અંદર પેંસતાં ચોકમાં વચ્ચોવચ આરસના પત્થરનો બાંધેલો પાણીનો સુંદર હોજ છે. પાકા ખડકમાંથી ઘણી મહેનતે એ હોજ ખોદી કાઢેલો છે. ત્રણસો કે ચારસો વાર દૂર એક વહેતા ઝરામાંથી તેમાં નિરંતર સ્વચ્છ નિર્મળ પાણી આવ્યાં કરે એવી ગોઠવણ કરેલી છે.

પશ્ચિમ બાજુએ મસીદનો લંબ ચોખૂણુ ઓટલો છે. તેના ઉપર મોટી ઉંચી અગાસી છે, અને એ ઓટલા ઉપર મધ્યમાં એક મોટો ઘુમટ અને આસપાસ બે નાના ઘુમટો છે, અને તે ઘુમટો ઉપર સોનાથી રસેલા ત્રાંબાના કલશો છે. ચોકની પશ્ચિમ બાજુએ ઓટલાની ધારપર ત્રણ ઘુમટની હારની બે બાજુએ સફેદ આરસ અને રાતા પત્થરના, ૧૩૦ ફીટ ઉંચા પાતળા મીનારાઓ છે. જેમ કુતુબના મીનારાઓને ગોળ અને ત્રિકોણાકાર સળીઓ છે તેમ આ મીનારાઓને રાતા તથા સફેદ આરસની ઉભી પટીઓ છે. દક્ષિણ બાજુના દરવાજામાં મૂકેલા દાદર મારફતે કમાનોની હારપરની અગાસીમાં જવાય છે, અને ત્યાંથી એ મીનારાઓપર જવાય છે. મીનારાના ત્રણ ભાગ કરેલા છે. પહેલો ભાગ મસીદની ભીંતના ટોંચના કાંગરાઓ સાથે મળી જાય છે. મીનારાની છેક ઉપર અષ્ટ ખૂણાવાળી છતરી છે, અને માથા ઉપર આરસના ઘુમટ છે. મસીદના ઓટલાને અગ્યાર ભાગમાં વહેંચેલો છે. આસપાસના દશ ભાગ સરખા છે. વચમાંનો અગ્યારમો ભાગ મોટો છે. સર્વ ભાગોની કમાનો આરસના સ્તંભ ઉપર કરવામાં આવી છે. વચમાંની કમાન એક દડાના પા ભાગને પોકળ કર્યો હોય તેવી છે. આજુ બાજુની દશ કમાનો ઉપર કાળા આરસની વેલ ગોઠવી છે, અને તેની ઉપર લંબચોખૂણ પેનલો છે. કાર્નીસ અથવા સ્તંભના શિરોભાગ ઉપર સફેદ આરસમાં કાળા આરસના કકડાઓ બેસાડેલા છે તે દૂરથી ઘણા મનહર લાગે છે. મસીદના મુખડા ઉપર કોરાનના કલમાઓ નુસ્ખ્ અક્ષરમાં લખેલા છે. દૂરથી જાણે કે ચિત્રકામ કરેલું હોય તેવું લાગે છે. સાથે તેમાં જુમ્મા મસીદનો ઇતિહાસ, બંધાયાની તારીખ, અને કેટલા રૂપીઆ ખર્ચાયા તે જણાવેલું છે. એમ કહે છે કે જુમ્મા મસીદ બાંધતાં દશ લાખ રૂપીઆ ખર્ચાયા હતા, અને ૫૦૦૦ માણસ રોજ કામ કરતા હતા. તે વખતે પાંચ રૂપીએ મણ ઘી હતું અને બે રૂપીએ બંગાળી મણ ખાંડ હતી. આજને હિસાબે તો પચાસ સાઠ લાખ રૂપીઆ થાય. મસીદપરની ભીંતપરના કાંગરા અને નીચે અર્ધ ચંદ્રાકારની કમાનો દૂરથી નાનાં નાનાં માંજાંઓ જેવો દેખાવ આપે છે.


મસીદની ભોંયપર જાણે આરસની ચાદરજ પાથરી દીધી હોય તેવો દેખાવ લાગે છે. કાળા આરસની જાડી લીટીઓ, ભોજન સમારંભમાં રંગોલી પૂરવામાં આવે છે તેવી લાગે છે. એ કાળી પટીઓથી દરેક નિમાજીની જગ્યા ત્રણ ફુટ લાંબી અને દોઢ ફુટ પહોળી નક્કી કરેલી હોય છે. એવી નવસો જણને માટે વ્યવસ્થા છે. એમ કહે છે કે, બાદશાહના અમીર ઉમરાવોને માટે એ કરેલી છે. સામાન્ય લોકો નીચેના ચોગાનમાં નિમાજ પઢતા હતા. આખી મસીદમાં પાંચ સાત હજાર મનુષ્ય એકે સામટા નમાજ પઢી શકે એટલી આ મસીદ મોટી છે. મસીદની મધ્યમાં કેબલાહની બાંધણી જોવા જેવી છે. બે વિશાળ સ્તંભ ઉપર એક દડાનો પા ભાગ અંદરથી અખંડ કોતરી કાઢીને મૂક્યો હોય તેવો ઘાટ છે, અને તેમાં સર્વોત્કૃષ્ટ કોતર કામ કરેલું છે. કેબલાહની જમણી બાજુપર ત્રણ પગથીયાવાળી એક ઉચી બેઠક છે તે અખંડ આરસના પત્થરમાંથી બનાવેલી છે. ધર્માધ્યક્ષ એ સ્થાનપરથી ઉપદેશ આપે છે વા નિમાજ ભણે છે. એ જ જગ્યાએ એક ભીંતપર શાહજહાન અને બહાદુરશાહ બાદશાહના હસ્તાક્ષરો બતાવવામાં આવે છે.

જુમ્મા મસીદના ઇશાન અને નૈર્ઋત્ય બાજુના ખૂણા ઉપર કેટલાક સ્તંભો ઉપર આરસના પત્થરો ગોઠવેલા છે. તેમાંના એક ઉપર પૂર્વ ગોળાર્ધ કોતરેલો છે; બીજા પત્થર ઉપર કલાક જાણવાની લીટીઓ મારેલી છે. દરેક ઉપર એક સીધો ખીલો મારેલો છે. તેનાથી પડતી છાયા ઉપરથી ખરેખરો નિમાજનો વખત દિલ્હીમાં કયો છે તે જાણી શકાય છે. ઇશાન બાજુની કમાનાવલિમાં ઉત્તમ રીતે કોતરી કાઢેલી આરસની જાળીઓવાળી એક ઓરડી છે. તેમાં પયગમ્બર સાહેબને લગતી કેટલીક વસ્તુઓ રાખેલી છે. તેમાં એક સૌથી જૂનું હાથનું લખેલું કુરાન છે. પયગમ્બરના પૌત્રો ઇમામ હુસેન અને ઇમામ હસેનનું લખેલું તે કુરાન છે. એક રેશમી કપડાંમાં વીંટાળીને તે રાખેલું છે. શાહજહાં બાદશાહે તે ઘણી મહેનતથી મેળવેલું એમ કહેવાય છે. ઘણા શોધકોએ તેમાં કાંઇ ઠગબાજી તો નથી તે તપાસવાને તેને બારીકાઇથી તપાસેલું, અને સર્વ જણા તેને પુરાણી ચીજ તરીકે જાહેર કરે છે. કુફી અક્ષરમાં તે લખેલું છે અને અક્ષરો ઘણા જ ઉમદા છે. હિન્દુઓ એટલું જૂનું મહાભારત, વેદ, ભાગવત, રામાયણ કે ગીતા બતાવી શકે તેમ નથી. ખ્રીસ્તીઓ પાસે ઇસુનું લખેલું બાઇબલ નથી, કે પારસીઓ પાસે અવસ્તાવાણી નથી. ચાંદીની એક પેટીમાં મહમદ પયગમ્બરની દાઢીનો એક રાતો વાળ પણ બતાવવામાં આવે છે. મુસલમાનો તેને ઘણું માન આપે છે. તે સિવાય 'કફ્ષ–ઇ–મુબારક' મહમદની ચર્મપાદુકા સુગંધી દ્રવ્યમાં રાખી મૂકેલી છે. 'કફ્મ–ઉલ–મુબારક' તેના પગની છાપ, અને 'મુઇ–ઇ–મુબારક' એટલે ઉપર કહેલો રાતો વાળ, અને તેના કબરપર ઢાંકેલી ચાદરનો શેષ ભાગ, મસીદનો કાજી થોડા પૈસા લઇને સર્વને બતાવે છે.

જુમ્મા મસીદ કરતાં સુંદર મસીદ ફતેહપુર સીક્રીમાં બાંધેલી અકબરની જુમ્મા મસીદ અને શાહજાહાંએ આગ્રામાં બાંધેલી ૯૦ ચોરસ ફીટ મોટી મસીદ છે. શિલ્પકળાના કાનુનો મુજબ જુમ્મા મસીદમાં કેટલીક ખામીઓ છે, પરંતુ એકંદર રીતે તેના ઘુમટો, અર્ધ ચંદ્રાકાર કમાનો, સ્તંભો, દરવાજાઓ, મીનારાઓ એવા સરસ ગોઠવેલા છે, અને સફેદ આરસ અને રાતો રેતાળ પત્થર એ બેનું એવું મિશ્રણ કરેલું છે કે, તેની ખામી દબાઈ જાય છે, અને દીલ ખુશ થઇ જાય છે.




[ચિત્રપટ ચોવીશમું] દીવાન-ઇ-આમ



[ચિત્રપટ પચ્ચીશમું]


દીવાન-ઇ-આમ

(ગાદી)



૫૮ છવ્વીશમું]

દીવાન-ઇ-ખાસ
(અંદરનો દેખાવ)



[ચિત્રપટ સત્તાવીશમું]

દીવાન-ઇ-ખાસ
(બીજી બાજુ)

ઈ. સ. ૧૮૫૭ માં બળવા સમયે આ મસીદમાં ખુતબો પઢવામાં આવ્યો હતો અને દીલ્હીના મુસલમાનોએ દોહાઇ ફેરવી હતી કે 'ખુલ્ક ખુદાકા, મુલ્ક બાદશાહકા, અંમલ બહાદુરશાહકા." તે વેળાએ દિલ્હીની જુમ્મા મસીદ મુસલમાનોનું સ્વધર્માભિમાન અને ભારતભૂમિનું અભિમાન પ્રેરવાનું કેન્દ્ર સ્થાન હતું. દિલ્હીમાં ભરાયલા સર્વ બળવાખોરોને ભેટવાનુંસ્થાન જુમ્મા મસીદ હતું. વિજયી સૈન્યનો બળવાખોરોપર એટલો બધો ખોફ હતો કે, જુમ્મા મસીદને તારાજ કરવાની ભલામણ ઘણાજ ઉત્સાહથી થઇ હતી, અને મસીદને ઉડાવી દેવાને ચારે બાજુએ તોપો લાવીને ગોઠવી દેવામાં આવી હતી. પરંતુ મુસલમાનોના જેવા ધર્મસ્થળોના નાશ કરવાની બદનામી લેવાની અંગ્રેજ સરકારે ના પાડી, અને એમાંજ અંગ્રેજ સરકારની કીર્તિ જળવાઇ રહી છે. તે વેળાએ માત્ર મુસલમાનોને મસીદમાં નિમાજ પઢવાની અને મસીદ સમીપ આવવાનીજ મનાઇ કરી હતી, પણ તે મનાઇ થોડા વખતમાં પાછી ખેંચી લીધી હતી.

લાહોરી દરવાજા (ચિત્રપટ એકવીશમું)

દિલ્હી ઉર્ફે શાહાંજહાનાબાદના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ રાજમાર્ગ ચાંદની ચોક છે. એ રસ્તે પૂર્વ તરફ જતાં દિલ્હીનો ગઢ જેમાં શાહી મંદિરો છે તે નજરે પડે છે. ગઢ લંબ ચોખૂણ છે, પણ ઉત્તર તરફની બાજુએ ત્રિકોણાકારે તે લંબાય છે અને એક પૂલથી સલીમગઢ અથવા શાહી કેદખાના સાથે જોડેલો છે. જમના નદીના તટ ઉપર શાહીગઢ આવેલો છે, અને નદીની બાજુએ અગ્નિ ખૂણામાં નદીપર જવાનો દરવાજો છે. પરંતુ મુખ્ય દરવાજા બે છે. દક્ષિણે દિલ્હી દરવાજો છે કે જે દરવાજેથી માત્ર બાદશાહોજ ગઢ બહાર જુમ્મા મસીદમાં જવાને કે અન્ય કારણે નીકળતા હતા, અને ૧૮૫૭ પછી સામ્રાટ જ્યોર્જ પોતાના પૂરપ્રવેશમાં સાતમી તારીખે સલીમગઢમાં ઉતરી સીધા દક્ષિણે દિલ્હી દરવાજેથી સ્વારી કાઢનાર છે. બીજો દરવાજો લાહોરી દરવાજાને નામે ઓળખાય છે. ચાંદની ચોકનો રસ્તો એ દરવાજામાં જાય છે. લોકવ્યવહારનો માર્ગ શાહાજહાંનના વખતથી એજ ગણાતો આવ્યો છે. શાહાજહાંન બાદશાહે લાહોરી દરવાજાની બહાર એક મોટો ચોક અને સુંદર બગીચો બનાવ્યો હતો, પણ ઔરંગઝેબે તે બગીચાનો નાશ કરી ત્યાં એક ઉપગઢ બાંધ્યો હતો. પૂલ ઓળંગી દરવાજામાં દાખલ થતાં એક નાનું ચોગાન આવે છે. એ ચોગાનને ચારે બાજુએથી મજબૂત દિવાલોથી ઘેરી લીધું છે. કિલ્લાના મુખ્ય દરવાજામાં દાખલ થયા પહેલાં આ ચોગાન વટાવવું પડે છે. જૂના કિલ્લાઓમાં આ ગોઠવણ સાધારણ છે. હાથોહાથની લડાઈમાં કિલ્લાનો કબજો લેવા આવનાર સૈન્યને આ વ્યવસ્થા બહુ ભારે પડતી હતી. દરવાજાનું રક્ષણ કરનાર આ ગઢની ચારે બાજુએ ઉંચા ગુંબજોવાળી છત્રીઓ સાથના બુરજો છે. અને તેથી દરવાજાની મજબૂતી ઉપરાંત તેની શોભામાં વધારો થાય છે. દરવાજાની બન્ને બાજુઓ ભોંય તળીયા ઉપરાંત બે માલ જેટલી ઉંચી છે. અંદરનું ચોગાન અષ્ટ ખૂણાકારનું છે. જગતમાં કોઇ પણ રાજમહેલમાં દાખલ થવાનો દરવાજો આ દરવાજાની તોલે આવે એમ નથી. એ દરવાજાનું નામ ફેરવીને **વિકટોરીઆ** દરવાજા એવું નામ રાખ્યું છે, પણ લોકોમાં તે અસલ નામેજ જાણીતો છે. અંગ્રેજ સરકારનો વાવટો આ દરવાજાપર ફરકે છે. દરવાજાની અંદરના અષ્ટકોણાકાર ચોગાનમાં આગળ ચાલતાં ઉત્તરની બાજુના

પગથીયેથી ચઢતાં દરવાજા ઉપરના ઓરડાઓમાં જવાય છે. રક્ષક ગાર્ડીઓ અને દરવાનો ત્યાં રહેતા હતા. ૧૮૫૭ ના બળવા વખતે અંગ્રેજી ગાર્ડીઓ અને દરવાનોનાં ત્યાં ખૂન થયાં હતાં. બળવા પહેલાં દરવાજા ઉપર કોરાનના કલામાઓ, લેખો અને વેલપટ્ટીઓ અને ફુલો ચિતરેલાં હતાં, જે સૈનિક ખાતાંના સસ્તાં ચૂનાએ ધોઈ ધાઇને સાફ કરેલાં છે!

દિવાને આમ (ચિત્રપટ બાવીશ, ચોવીશ, અને પચ્ચીસમું)

લાહોરી દરવાજેથી સીધા ચાલતાં નકારખાના અથવા નોબતખાનાનો દરવાજો આવે છે. તે ઓળંગી આગળ વધતાં દિવાન–ઇ–આમ એટલે કે સામાન્ય પ્રજાજનનું દિવાનખાનું નજરે પડે છે. દિવાન–ઇ–આમ ફતેહપુર સીક્રીમાં, આગ્રામાં, અને દિલ્હીમાં છે. જયપુરના રાજાએ તેની નકલ કરી છે. બ્રિટીશ રાજ્યમાં વડા અધિકારીઓને મળવાને માટે પ્રજાજનને એવું કોઈ ખાસ સ્થાન રાજધાનીમાં નથી. નકારખાનાની બરાબર સામે ૧૨૦ ફીટ દૂર દિવાન–ઇ–આમ છે. પૂર્વે નોબતખાનાંથી દિવાન–ઇ–આમ સૂધી આવતાં રસ્તામાં સ્તંભો અને કમાનો અને ગુંબજ અને છત્રીઓથી શોભતાં મકાનો હતાં. ધીમે ધીમે તે મકાનોનો નાશ થઇ ગયો છે. હાલમાં તો દિવાન–ઇ–આમની આસપાસ ખુલ્લું મેદાન છે. દિવાન–ઇ–આમ ૧૦૦ ફીટ લાંબો અને ૬૦ ફીટ પહોળો છે. ત્રણ બાજુથી ખુલ્લો છે અને, પૂર્વ તરફની બાજુએ ભીંત છે. દિવાન–ઇ–આમનું બીજું નામ ચીહાલ સીતુન ઉર્ફે ચાલીસ ખંભા છે. છાપરાંને સ્થાને મોટી અગાસી છે અને પશ્ચિમ બાજુએ બે છતરી છે. ફીનારપસ્ના સ્તંભ બેવડા છે, બાકીના એકવડા છે. અંદરના અને બહારના સર્વ સ્તંભોપર કાટખૂણે કમાનો છે. આખું મકાન રાતા પત્થરનું છે. એ કમાનો સાદી નહીં, પણ મધ્યમાં પહાણ ઘાટી અણીયાલી કમાન, અને તેની બે બાજુએ ચચ્ચાર અર્ધ ચંદ્રાકાર પેટા કમાનો છે. કમાન, સ્તંભ, કુંભી, શિર, છજું આદિ સર્વે એવું પ્રમાણસર ગોઠવેલું છે કે, તે નજરે પડતાં જ તેનારને આકર્ષે છે. પૂર્વે દિવાન–ઇ–આમની આસપાસ રાતા પત્થરની એક નાની ભીંત હતી, અને તેનાપર સોનાના રસેલા ખીલાઓ હતા. એ ચોકને ગુલાલબારી કહેતા, અને નાના અધિકારીઓ અને દરબારીઓ ત્યાં સૂધી આવતા. સામાન્યજન તેની બહાર રહેતા અને વડા અધિકારીઓ દિવાનખાનાના ઓટલાપર ચહડતા.

દિવાનખાનાની પીઠની ભીંતની મધ્યમાં એક મોટો ગોખલો છે. તેમાં એક નાનું બારણું છે તે દ્વારા બાદશાહો આવતા. એ ગોખલો સંગેમરમરનો બાંધેલો છે અને દિવાનખાનાની જમીનથી ૧૦ ફીટ ઉંચો છે. એ ગોખલો દીવાનખાનામાં આગળ નીકળી આવેલો છે. તેના ઉપર મેઘાડંબર જેવી છત્રી ચાર સ્તંભો ઉપર ઉભી કરી છે. એ ચારે સ્તંભોમાં જે મીનાકામ કરેલું હતું તે અદ્વિતીય હતું. આજે તેને નુકસાન થયલું છે, અને લોર્ડ કર્ઝને ઇટાલીથી કારીગરો બોલાવી સમરાવ્યું છે ખરું, પણ તે પૂર્વના જેવું મજબૂત નથી. છત્રી ઉપર પણ તેવી જ કારીગરી કરેલી છે. પછવાડેની ગોખલાની ભીંતપર પણ જૂદી જૂદી જાતના પશુઓ, પક્ષીઓ, ફળો, ફુલો અને વેલ પાંતરાઓ અસલને મળતા જ રંગના કીમતી પત્થરાઓના બનાવેલા છે. શાહજહાંન બાદશાહનો અમલ જેટલા મુલકોપર ચાલતો હતો, તેમાંના ઘણા મુલકોનાં ચિહ્નરૂપ પશુ પક્ષીઓ, ફળફળો

આદિ છે. ગોખલાના મધ્યના ઉપલા ભાગમાં એક ચોકઠામાં જે કારીગરે બાદશાહની આ બેઠકની યોજના ઘડી તેના પોતાના દેશી પોશાકમાં એક ચિત્ર કાઢવાની પરવાનગી શાહજહાને આપેલી હોવાથી સ્પેનિશ પોશાકમાં એક યૂરોપીને ગાયટર વીણા વગાડતો ચિતરવામાં આવેલો હતો. આ ચિત્રકામમાં પણ કીમતી પત્થરાઓ જડેલા હતા. ૧૮૫૭ ના બળવા પછી આ ચોકઠું કાઢી લઇને સાઉથ કેન્સીંગન મ્યુઝીયમમાં મોકલાવી દીધું છે. અરેબીઅન નાઇટ્સમાં જેવું વર્ણન વાંચવામાં આવે તેવી અદ્‌ભુત કારીગરી અત્રે કરેલી છે.

આસ્ટીન ડી બોર્ડો નામના જે કારીગરે આ મકાનમાં પોતાનું કળાકૌશલ્ય દર્શાવ્યું છે તેણે ભીંતમાં એક પાણીદાર તરવારનું ચિત્ર (ખરેખરી તરવાર જ) ભીંતમાં કાઢ્યું હતું. તેનો ઇતિહાસ એવો કહેવામાં આવે છે કે, ચિતોડનો કોઈ રાજપુત્ર દરબારમાં હતો ત્યારે બાદશાહની ઇચ્છાનુસાર તેનું કંઈ અપમાન થયું. તરત જ તીખા સ્વભાવના રાજપૂતે ભીંતમાંથી તરવાર ઉપસાવી કાઢીને ભર દરબારમાં તેનું શિર ઉડાવી દીધું, અને બાદશાહને જવાબ આપ્યો હતો કે “ખુદાવિન્દ ! ઇંદ્રની દરબારમાં મને અપમાન કે અન્યાય થાય તો હું આ જ રીતે તેનો ન્યાય કરી નાંખું.” કેટલાકો એમ કહે છે કે આ પ્રસંગ દિલ્હીમાં નહીં પણ આગ્રામાં બન્યો હતો.

આ દિવાનખાનાના દરેક સ્તંભ ઉપર આસમાની રંગના મુલામા કરેલા હતા, અને તેમાં સુંદર પુષ્પોની વેળો ચિતરેલી હતી. દિવાનખાનામાં સામાન્ય ચિત્રકામ ઉપરાંત ઐતિહાસિક પ્રસંગો પણ ચિતરેલા હતા. પણ આજના જડવાદી જમાનામાં ચૂનાકામે તે સર્વનો નાશ કરી નાંખ્યો છે. અને પુરાતનપદાર્થશોધક રક્ષક ખાતાંએ ચૂનો કઢાવી નાંખવાથી હાલ અષ્ટ કોણ સ્તંભો નગ્ન હાલતમાં નજરે પડે છે. ત્રણ બાજુએ ચાંદીના કઠેરાવાળા ત્રણ ફીટ ઉંચા એક સફેદ આરસપર મુખ્ય વઝીર બાદશાહને અરજીઓ આપવાને ઉભો રહેતો તે હજી ત્યાં પડેલો છે. સુંદર નકશી કામવાળો સિંહાસનવાળો આરસનો ગોખલો અને આખું મકાન ચુનાથી રંગી કાઢ્યું હતું. લોર્ડ કર્ઝને તેની મરામત કરાવીને બને તેટલી સારી અસલ સ્થિતિમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. અને સંગેમરમરના અદ્વિતીય ગોખલાને કોઈ નુકસાન ન કરે તેટલા માટે લોખંડના સળીઆ ભરાવી દીધેલા છે.


દિવાને ખાસ (ત્રેવીશ, છવ્વીશ, અને સત્તાવીશમું)

અગર ફરદોસ બર રુએ જમીનસ્ત.
હમીનસ્ત વા હમીનસ્ત વા હમીનસ્ત.

મહાભારત, રામાયણ, અરેબીઅન નાઇટ્સ આદિ ગ્રન્થોમાં કવિકલ્પનાએ જે જે સ્થળો વર્ણવેલાં છે તેનું કંઇક પ્રત્યક્ષ દર્શન આ સ્થળે થાય છે. સૌંદર્યદેવીનું આ નિવાસસ્થાન છે. કવિકલ્પનાનું-કાવ્યશક્તિનું આ મહાલય છે. લલિતકળાનું આ મંદિર છે. પઠાણોએ નવનવા પ્રકારના ઘાટો–બાંધણીઓનું દર્શન કરાવ્યું છે. હિંદુઓની બાંધણી જૂદા જ પ્રકારની છે. મોગલોએ તાજમહાલ, જુમ્મા મસીદ, લાહોરી દરવાજા, આગ્રાની મોટી મસીદ આદિમાં નવા જ પ્રકારની બાંધણી ચાલુ કરી છે. તાજમહાલ અને દિવાન–ઇ–ખાસમાં બાંધણી ઉપરાંત લલિતકળા છે. દિવાન–ઇ–ખાસમાં લલિતકળાનું રાજ્ય છે. ઘાટમાં અકબરના દૂધભાઈ મીરઝાં અઝીઝ કોકલતશે, નિઝામ–ઉદ્–


દીન–ઓલીયાના મકબરાથી દૂર, ચોસઠ ખંભા નામના બાંધેલા મકબરાનું કંઈક અંશે અનુકરણ છે. સેજસાજ ફેરફાર કરેલો છે, પણ તેથી બાંધણીની શૈલીમાં કંઈ ફેર પડ્યો નથી. જમીનથી ચાર પાંચ ફીટ ઉંચો, ૯૦ ફીટ લાંબો અને ૬૭ ફીટ પહળો એક આરસનો ઓટલો છે તેના ઉપર દિવાન–ઇ–ખાસ છે. પૂર્વ બાજુએ ગઢની દિવાલ ઉપર તે ઉભો છે, અને જમના નદીની ઠંડા પવનની લહેરો શાંતિથી ભોગવે છે. શુદ્ધ શ્વેત આરસ બાંધકામમાં વાપરેલો છે, અને અરૂણોદય અને અરૂણાસ્ત વેળાએ કોમળ આરક્ત કિરણોનો પ્રકાશ તેના ઉપર પડે છે ત્યારે તેની શોભા અલૌકિક લાગે છે.

દિવાન–ઇ–ખાસના મુખ આગળ ૧૯૦ ફીટ પહોળું અને ૧૬૦ ફીટ ઉંડું એક મનહર ઉદ્યાન હતું. દિવાન–ઇ–ખાસની બાજુમાં સંગેમરમરની એક પગથી હતી અને પગથીની બાજુએ આરસની આરપાર કોરેલી સુંદર જાળીઓ હતી. આગ્રાના કિલ્લામાં ખાસ મહાલને મહેલના અન્ય ભાગેથી જૂદી પાડતી જેવી જાળીઓ છે તેવી તે હતી, અને તેનો હેતુ પણ તે જ હતો. ખાસની આગળ આરસનો એક ફુવારો હતો. તેમાંથી ઉડતું જળ પ્રદીપ્ત દીવાઓવાળા ગોખલામાં પડતું, અને તેની મોજ ઓર જ દેખાતી હતી. ૧૮૫૭ પછી કોઇ ન જણાયલા કારણે લશ્કરીખાતાંવાળાઓએ તે જાળીઓ, ફુવારો, પગથી આદિ કાઢી નાંખવાની મૂર્ખતા કરી છે. એ જ પ્રમાણે દિવાને ખાસની બે બાજુએ બે નાના નાના આરસના મંડપો હતા, તે પણ વગર કારણે કાઢી નાંખ્યા છે. દિવાને ખાસને મળતું મકાન આગ્રામાં ખાસ મહાલ છે. દિવાને ખાસના સ્તંભો અષ્ટ કોણાકૃતિનાં છે ત્યારે દિવાને ખાસના સ્તંભો ચોરસ અને લંબ ચોરસ છે. મુખ બાજુએ અને પીઠ બાજુએ પાંચ કમાનો છ સ્તંભો ઉપર છે. દિવાન-ઇ-ખાસની ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ બાજુએ કમાનોવાળી ચાલીઓ છે અને મધ્યમાં ખાસની બેઠક છે. બે બાજુએ ત્રણ મોટી કમાનો અને વચમાં આંતરે આંતરે બે નાની કમાનો છે અને તે ઘણી જ સુંદર લાગે છે. છાપરું સપાટ છે, અને ચાર ખૂણે નાની ચાર છત્રીઓ છે, અને છત્રીપર રસેલા નાના કલશો છે. બહારની બાજુએ નાનું છજું ચારે તરફ ફરતું છે તેના ઉપર સુંદર કોતરકામ અને ચિત્રકામ કરેલું છે. નાદિરશાહ, મરાઠાઓ, અને જાટ લોકોએ દિવાન–ઇ–ખાસને ઘણું નુકસાન કરેલું છે તો પણ તેની શોભા અસલ કેવી હશે તેનો ખ્યાલ આપે તેવું ઘણું રહી ગયું છે. શાંતિના સમયમાં મોગલ બાદશાહો પાસે પૈસો ઘણો ભેગો થયો હતો, અને અતિશય ધન પાસે હોય ત્યારે મોટાઇનો જે ખ્યાલ માણસને આવે અને તેનો ઉપયોગ કેમ કરે તેનો આ એક નમુનો છે. સ્વર્ગમાં જે સ્ફટિકભૂમિની કલ્પના કવિઓ કરે છે તેવી ભૂમિ આ સ્થાનમાં છે. પગથી તે માથા સૂધી ચિત્રકામ અને કોતરકામ છે. લાલ, લીલા, પીળા, આસમાની સાદા પત્થરાઓ અત્રે જડેલા નથી, પણ હીરા, માણેક, મોતી, શનિ, નીલમ, વગેરે કીમતી પત્થરાઓ અનુકૂળ પડતી જગ્યાએ વાપરેલા છે. છૂટે હાથે સોનું અને ચાંદી વાપરેલું છે. મરાઠાઓએ સોનું કાઢી લેવાને માટે ખીલાઓથી ઘસી ઘસીને પત્થરો સાફ કરી નાંખ્યા છે. છતાં સોનું કોઈ કોઈ જગ્યાએ રહી ગયું છે, અને તે–સોનાની પતરીઓ એવી બેસાડેલી છે કે સાધારણ રીતે ઉપડી શકે જ નહીં. અસલ કેવું હશે તેનો ખ્યાલ આપવાને પુરાતન પદાર્થશોધક રક્ષકપર વું જો એક બે કમાનો અને સ્તંભોનો પુનરુદ્ધાર કરે તો તે કંઈ ખોટું કહેવાશે નહીં. દિવાન–ઇ–ખાસમાં ચાંદીની છત હતી તે પણ મરાઠાઓ ઇ. સ. ૧૭૬૦ માં કાઢી




[ચિત્રપટ અઠ્ઠાવીશમું]


તુલા મંદિર



[ચિત્રપટ ઓગણત્રીશમું] રંગમહાલ



[ચિત્રપટ ત્રીશમું]   ફુવ્વારચે આબે ગુલાબ





[ચિત્રપટ એકત્રીશમું] રાજા અને રાણીના
[,, બત્રીશમું] હમામખાનાં

ગયા. કહે છે કે સદાશિવરાવ ભાઉએ મોગલોપર રાયગઢ લૂટયાનું એ રીતિએ વૈર લેવાને કર્યું હતું. એ છતમાંથી સત્તર લાખ રૂપીઆની ચાંદી નીકળી હતી, જે આજને ભાવે તો ચાળીશ લાખ કરતાં વધારે થાય. એ છતપર પણ અલૌકિક કામ કરેલું હતું. જો કે હમણાં સોને રસેલી ત્રાંબાની છત કરી છે, પણ તેથી જોનારને સંતોષ થતો નથી. ગરમીના દિવસમાં દીવાનખાનાઓ ઠંડક રાખવાને માટે મધ્યમાંથી જમીનની અંદર એક નાની નેહેર બાંધી છે. 'જગતમાં જો કોઈ સ્વર્ગ હોય તો તે આ છે, આ છે, આ છે,' એવો મુદ્રાલેખ અંદરની બાજુના દિવાનખાનાની ઉત્તર અને દક્ષિણ બાજુની કમાનોમાંની નદી તરફની છેલ્લી કમાનોપર છે. દીવાનખાનાની પીઠ આગળ આરસની એક રંગભૂમિ છે જે ઉપર તખ્ત-ઇ-તાઉસ મૂકી બાદશાહો બેસતા હતા. જગતમાં કોઈ પણ બાદશાહ આજ સૂધી એવા સિંહાસનારૂઢ થયો નથી. ઇ. સ. ૧૭૩૯ માં નાદીરશાહ આવ્યો હતો તે એ સિંહાસન ઉપાડી ગયો હતો. તે વેળાએ એ સિંહાસનની કિંમત સાત કરોડ રૂપીઆ અંકાઇ હતી. નદી તરફની જાળીઓ જોઇએ તેટલી સુંદર નથી, અને એમ ધારવામાં આવે છે કે એ પાછળથી મૂકેલી હશે. રોહીલાઓએ ગઢ ઉપર ચલાવેલ તોપના મારાનાં ચિહ્નો આ સ્થળે જોવામાં આવે છે. શાહજહાંએ આ મહેલની પૂર્ણાહુતિ જોઈ હતી કે નહીં તે નક્કી નથી, પણ તે પછી મોગલ મહારાજ્યમાં અને બ્રિટીશના સમયમાં પણ આ સ્થાન હિંદ જનોની પ્રેમભક્તિનું કેન્દ્રસ્થાન થઈ પડેલું છે. બળવા પછી દિવાને ખાસ અજબઘરમાં ફેરવી નાંખ્યું હતું, પણ પાછળથી તે સર્વ કાઢી નાંખવામાં આવ્યું છે.

તુલામંદિર અને રંગ મહાલ (ચિત્રપટ અઠ્ઠાવીશ અને ઓગણત્રીશમું)

દિવાને ખાસની દક્ષિણે એક છૂટો મહેલ છે તેમાં ખ્વાબગાહ અથવા શયન મંદિર, તસ્બી ખાનાહ અથવા ખાનગી મસીદ, બેઠક આદિ ઓરડાઓ છે. કોઈ પણ ઓરડાઓને બારી કે બારણાં નથી. માત્ર રેશમી ભરતના કે કીનખાબના કે ભરત ભરેલા પડદાઓ કે નાતો બાંધવામાં આવતા હતા. દરેક ઓરડાઓમાંથી પાણીની એક નહેર પસાર થાય છે. એ નહેરની ઉપર સુંદર નકશી કામ કરેલી મોટી કમાનો છે. ખાસ કરીને દીવાન-ઈ-ખાસની તરફની કમાનની ઉપરનો આરસનો પત્થર અને તેનાપર કરેલું નકશી અને ચિત્રકામ જોવા જેવું છે. એ પત્થર અર્ધ ચન્દ્રકારે છે. આ પત્થર એવો પાતળો છે કે એક બાજુએ કરેલો દીવો બીજી બાજુએ દેખાય છે. ચન્દ્રનાં કિરણો એ પત્થરમાંથી પસાર થાય છે. તેની એક બાજુએ કરેલું નકશી કામ બીજી બાજુએથી જણાય છે. આ સ્થાનને મિઝાન-ઇ-અદમ અથવા તુલામંદિર કહે છે, કારણ કે ઉપર વર્ણવેલી કમાનના પત્થરપર એક બાજુએ સૂર્ય, ચન્દ્ર અને તારાઓની વચમાં એક ન્યાયનું ત્રાજવું સોનાથી ચિતરેલું છે. અર્થાત્ કે એ સ્થાને અદલ ન્યાય આપવામાં આવે છે.

મધ્યના ઓરડામાં શાહજહાનના સમયના લેખો છે, અને તે અતિ સુંદર ગણાય છે. ઓરડાઓની ભીંતોપરનું ચિત્ર કામ-ખાસ કરીને પશ્ચિમ તરફના ઓરડાનું કામ અદ્વિતીય ગણાય છે. ભીંતોમાં મોહરો કે દાગીનાઓ કે અસર્ફીઓ કે કાગળો ભરી રાખવાનાં ગુપ્ત ગોખલાઓ છે. વળી

ઓરડાના ગોખલાઓમાં સુંદર ચીનાઈ વાસણોમાં ફુલ ફળ ભરીને મૂકવામાં આવતા હતા, એમ કહેવામાં આવે છે.


આ ઓરડાઓની દક્ષિણ બાજુએ સ્તંભોવાળો એક ઓટલો છે, અને નદીની બાજુએ અષ્ટ કોણાકાર બુરજ છે તેને મુસામન બુરજ કહે છે. પરંતુ તેમાં કંઈ સુંદર કામ કરેલું જણાતું નથી. એ બુરજની આગળ એક ઝુલતો ગોખ છે તેમાં સત્તરમી સદીના પ્રારંભમાં લખેલો એક લેખ છે. એ ઓરડાઓ અને ગોખની નીચેથી કિલ્લાની દરવાજામાં એક દરવાજો છે, જેને ખીજ્રી દરવાજો કહે છે. જનાનખાનાને માટે આ દરવાજેથી પાણીયારીઓ પાણી ભરવાંને જતી હતી, અને બહાદુરશાહ અને તેના પુત્રો એ દરવાજેથી અંગ્રેજોએ દિલ્લી જિતી લેવાની ખબર મળતાં નાસીને હુમાયુના મકબરામાં જઈ ભરાયા હતા.

ફુવારપે આબે ગુલાબ (ચિત્રપટ ત્રીશમું).

તુલામંદિરની આગળ મોટી કમાનોવાળા એક સુંદર ઓરડામાં અખંડ આરસમાં કોતરી કાઢેલો એક ફુવારો છે. એ ફુવારાની આસપાસની ભોંયથી તે છત સૂધી સુંદર નકશી કામ જડ પડે છે. ફુવારાનાં થાળાંની આકૃતિ ખીલેલાં કમળ અથવા ગુલાબના જેવી છે. ફુવારાની નીચેથી પાણીની નાની નેહેર નહર ઇ–બહીસ્ત ચાલી જાય છે. આ ફુવારાની નળીઓ દૂર એક ઉંચા ઓરડા સાથે જોડેલી છે. ગરમીના દિવસોમાં ઠંડક અને સુગંધી મેળવવા માટે મહેલમાં ફુવારાઓ છોડવામાં આવતા હતા. ખાસ કરીને તુલામંદિરની પાસેના ઓરડામાં બાદશાહ પોતાની પટરાણીઓ અને માનીતીઓની સાથે બેસતો અને ગુલાબ જળનો ફુવારો છોડવામાં આવતો હતો.

હુમામખાના (ચિત્રપટ એકત્રીશ અને બત્રીશમું).

દિલ્હીમાં તેને ઘોસલખાનાં પણ કહે છે. દિવાન–ઇ–ખાસની ઉત્તર બાજુમાં તે છે. સંગમરમરના ત્રણ મોટા ઓરડાઓ તેણે રોકયા છે. ભીંતપર ચાર ફીટની ઉંચાઇ સૂધી વેલ અને ફુલોનું કોતરકામ છે. રંગીન છતોપર ચૂનાના લેપડાઓ ચઢાવેલા હતા તે હમણાં કાઢી નાંખ્યા છે. દરેક પત્થર અખંડ છે. ભોંયપર પણ રંગબેરંગી આરસના પત્થરો શેતરંજી માફક જડી લીધેલા છે. ઓરડાની મધ્યમાં મોટો ખાલ અથવા કુંડ છે. જમીનની અંદર ગરમ અને ઠંડું પાણી આવવાને સીસાની નળીઓ મૂકી દીધી છે. એ નળીઓ મારફતે એની મેળે ગરમ અને ઠંડું પાણી જેવું જોઇએ તેવું ચાલી આવે છે. જનાનખાનાંની સ્ત્રીઓને સ્નાન કરવાની અગવડ ન પડે અને તે કોઇની દૃષ્ટિએ પડે નહીં તેટલા માટે ચારે બાજુએ ભીંતો છે, પણ છાપરાં ઉપર રંગબેરંગી કાચો છે, તેમાંથી મંદ મંદ પ્રકાશ ઓરડાઓમાં આવે છે. ઓરડાની બાજુમાં ચચાર ફીટ ઉંડા પાણીનાં તળાવો આરસનાં બાંધેલાં છે. નીચે મોટા પત્થરો અને લોખંડની નળીઓ છે. કહે છે કે તેમાં પાણી ગરમ કરવાને સો મણ લાકડું જોઇએ છે. છેલ્લા બાદશાહો આવો મોટો ખર્ચ કરવાને અશક્ત હોવાથી ઠંડાં પાણીથી જ નહાતા, અને ગરમ પાણીએ આઠ દશ દિવસે નહાતા હતા. આ ઘોસલખાનાઓ એકવાર અવશ્ય જોવા જેવાં છે.



[ચિત્રપટ તેત્રીશમું]   જમના નદીપરથી ઝેર ઝરુખાનો દેખાવ





[ચિત્રપટ ચોત્રીશમું] મોતી મસીદ

[ચિત્રપટ પાંત્રીશમું] મોતી મસીદ (અંદરથી)

ઝર ઝરૂખા (ચિત્રપટ તેત્રીશમું)

એનું બીજું નામ ઝરુખા–ઈ–દર્શન છે. જૂના કાળમાં બાદશાહી કુટુંબમાં ખુન મારામારી વગેરે થતાં હોવાથી, પ્રજામાં શાંતિ નહતી, અને તેથી રાજકર્તા જીવે છે કે નહીં તે જાણવાને પ્રજા હંમેશાં આતુર રહેતી. તે જ પ્રમાણે રાજકર્તાના પક્ષકારો અને સૈનિકોને પણ પોતાના નાયકનાં જીવનની ચિન્તા રહેતી. એટલા માટે રાજકર્તા સાથે હોય કે માંદા હોય તો પણ દિવસના બેચાર વાર અમુક નિયત કરેલે સ્થાને હાજર થઈ પોતાના અનુયાયીઓ અને પ્રજાને દર્શન આપતા. આગ્રા અને દિલ્હી બન્ને સ્થળે જમના નદીના કિનારાપર આવા દર્શન ઝરૂખાઓ છે. કેટલાક રાજભક્તો એવા પણ હતા કે, રાજાને ઈશ્વરાંશ માનતા હોવાથી તેનાં દર્શન વગર અન્નના કોળીઓ કરતા નહીં. તેમને માટે પણ આ પદ્ધતિની શરૂઆત થઈ હતી. ૧૬૫૭ માં શાહજહાંએ એ નિયમ પ્રમાણે માંદગીને કારણે પ્રજાને દર્શન ન આપવાથી, તેનાં મરણની વાત ફેલાઈ અને તેના દીકરાઓએ ગાદીને માટે લડત શરૂ કરી હતી.

મોતી મસીદ (ચિત્રપટ ચોત્રીશ અને પાંત્રીશમું)

બાદશાહી ઘોસલખાના અને મોતી મસીદ વચ્ચે માત્ર એક કુંજ ગલી જ છે, પરંતુ ત્યાં જવાનો માર્ગ બહારથી છે. શાહજહાન બાદશાહે પોતાના મહેલમાં નિમાજને માટે કોઇપણ વ્યવસ્થા કરેલી ન હોવાથી તેના પુત્ર ઔરંગઝેબે ઇ. સ. ૧૬૫૯ માં સોળ લાખ રૂપીઆના ખર્ચે આ ખાસ મસીદ બંધાવી હતી. ઘાટમાં અને કામમાં નામ પ્રમાણે જ આ સાદી મસીદ છે. જો કે આગ્રાની નગીના મસીદ એના કરતાં ચઢતી છે, એમાં શક નથી. વળી એમાં જે નકશીકામ કરેલું છે તે અર્થરહિત છે. આ મસીદની લંબાઈ પહોળાઈ ૪૦ અને ૩૫ ફીટ છે. આ મસીદમાં નિમાજ પઢવાનો ઔરંગઝેબે પ્રારંભ કર્યો હતો, અને દિલ્હીમાં તે જ્યારે પણ આવતો ત્યારે ત્યાં સફેદ વસ્ત્રો પહેરીને નિમાજ પઢયા વિના રહેતો નહીં. આટલી નાની મસીદપર આટલા રૂપીઆ ખર્ચવાથી અને ત્યાં નિયમપૂર્વક નિમાજ પઢવાની તેની ટેવથી તેને નિમાઝી કહેતા હતા. આ મસીદપર પણ મોગલાઈ ઘાટ પ્રમાણે ત્રણ ગોળ ગુંબજ અને કલશવાળા મીનારાઓ છે. મસીદની ઉત્તર બાજુની ભીંતમાં એક બંધીયાર રસ્તો છે તે દ્વારા શાહીજનાનાની સ્ત્રીઓ મસીદમાં આવતી જતી હતી. મસીદને ત્રણ કમાનો છે, અને ત્રાણે કમાનોપર છત્રીવાળા ઘુમટો છે. એકંદર આ મસીદ રમકડાં જેવી લાગે છે. મુખ્ય દરવાજો પંચરસી ધાતુનો છે, અને તેનાપર કરેલું કામ મન હરણી કરે તેવું છે. ૧૮૫૭ નાં બળવા સમયે અંગ્રેજી સૈન્યનાં તોપખાનાનો એક ગોળો આ મસીદને લાગ્યો હતો. અને તેથી તેને નુકસાન થયું હતું. કેટલોક સમય તેની સમારવાની કોઇએ પરવા પણ કરી નહીં એટલે હિંદુસ્તાનનાં પુરાતન મકાનોનો દુશ્મન પીપલો ત્યાં ઉગી નીકળ્યો હતો. હાલમાં એ મસીદને સમારવામાં આવી છે અને તે નવા જેવી દેખાય છે.


શ્રાવણ ભાદો (ચિત્રપટ છત્રીશમું)

શાહી મહેલોની ઉત્તર બાજુએ એક મોટું રમણીય ઉદ્યાન હતું. એ ઉદ્યાનના પશ્ચિમ તરફના ભાગપર બ્રિટીશ પદાતિઓનાં મકાનો છે. બાકીનો અર્ધો ભાગ હાલમાં પુરાતનપદાર્થશોધક-


રક્ષક ખાતાંએ સુધરાવીને અસલ હાલતમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. એ ભાગને હયાત બક્ષ-જીવન રક્ષી બાગ કહેતા હતા. એ બાગમાં આરસના લતામંડપો, વાટિકાઓ, ગ્રીષ્મગૃહો, ફુવારાઓ વગેરે હતા. બર્નીયરે તેનું અત્યુત્તમ વર્ણન કરેલું છે. તેમાં સર્વ પ્રકારનાં ફળ ફૂલ આદિનાં વૃક્ષો હતાં. ગુલાબની સુવાસના શોખીન બાદશાહોએ ગુલાબની ક્યારીઓ કરેલી હતી. આનંદ, ઉત્સવ, અને વિહારને માટે સર્વ પ્રકારે ત્યાં ગોઠવણ કરેલી હતી. આ સર્વ શોભા એક વાર નષ્ટ થઇ હતી. હાલમાં જ્યોર્જ મહારાજાનાં શુભ પગલાંથી એ સર્વને પૂર્વની સ્થિતિમાં મૂકવાનો સારો પ્રયાસ થયો છે. ચાર ફીટ જમીન નીચી ઉતારી નાંખી છે. કીનારાપરની કિલ્લાની દિવાલપરનો શાહબુરજ સમારવામાં આવે છે. નહર-ઇ-બહિસ્તમાં પાછું પાણી વહેવા માંડ્યું છે. ઉદ્યાનની મધ્યમાં આવેલાં સાવણ અને ભાદો નામનાં બે મંડળો પાછા અસલ જેવાં બનાવવામાં આવ્યાં છે. ૧૮૫૭ માં જે ફુવારાઓ, મંડપો કાઢી નાંખ્યા હતા તે પાછા હતા ત્યાં મૂકવામાં આવ્યા છે. બાગની એક બાજુમાં પશુસંગ્રહ જ્યાં હતો તે મકાન પણ તૈયાર કર્યું છે. બાદશાહનો મહેતાબ બાગ પણ જેવો હતો તેવો બનાવ્યો છે. મહેતાબ બાગની બાજુની બાવડી પણ ખોદી કાઢેલી છે. નહેરની બન્ને કિનારીઓપર સરુનાં વૃક્ષો અને ફુલોની ક્યારીઓ તૈયાર થઇ ગઈ છે. એ ક્યારી-ઓમાં પત્થરનો રાતો રંગ ખીલી નીકળે તેટલા માટે ખાસ કરીને સફેદ અને ભૂરા રંગનાં ફુલો ઉગાડવામાં આવે છે. સાવણ ભાદોની વચમાંનું ઝફર મહાલ સરોવર પાણીથી ભરવામાં આવ્યું છે અને ફુવારા ઉડવા લાગ્યા છે. પણ મચ્છરો થવાની બીકે ત્યાં હંમેશાં પાણી રાખવામાં આવનાર નથી.

રોશન-ઉદ્-દૌલાની સોનેરી મસીદ (ચિત્રપટ સાડત્રીશમું)

ચાંદની ચોકમાં પૂર્વ દિશામાંથી દાખલ થવાના માર્ગમાં જ ડાબા હાથ ઉપર સોનેરી ઘુમટ-વાળી મસીદ રોશન-ઉદ્-દોલાએ ઇ. સ. ૧૭૨૧ માં બંધાવી હતી. રોશન-ઉદ્-દૌલા મહમદશાહ બાદશાહનો બક્ષી હતો અને જબરો લાંચ લેનાર હતો. એ મસીદનો આગલો ભાગ કોટવાળી તરીકે વપરાય છે. પાછલા ભાગમાં મૌલાના ફખરુદ્દીન જેણે કુતબુદ્દીન બખ્તીયાર કાકી આગળ મોટો દરવાજો બંધાવ્યો હતો તે રહેતો હતો. આ સોનેરી મસીદ ઇતિહાસમાં બે કારણથી નોંધાયલી રહેશે. ઇ. સ. ૧૭૩૯ ના માર્ચ મહીનામાં દિલ્હીમાં ઇરાનીઓએ કતલ ચલાવી ત્યારે નાદિરશાહ એ મસીદમાં બેઠો હતો. નાદિરશાહનો કોપ ભારે હતો. ગુલામો સિવાય કોઇ પાસે જવાની હિંમત કરતું નહીં. આખરે કેટલાક મુખ્ય ઉમરાવો સાથે કમનસીબ મહમદશાહ દીન મુખે તેની પાસે ગયો. ઉમરાવોએ જમીન સૂધી વાંકા વળીને મુજરો કર્યો. નાદીરશાહે તેઓને આવવાનું કારણ પૂછ્યું. તેઓ રડી પડ્યા, અને શહેરને ક્ષમા કરવાની વિનતિ કરી. મહમદશાહથી એક શબ્દ બોલી શકાયો નહીં; તેનાં નેત્રોમાંથી દડદડ આંસુઓ વહેવા લાગ્યાં. ક્રૂર નાદીરનું અંતર પીગળ્યું, તર-વાર મ્યાન કરી, અને કહ્યું, "બાદશાહને ખાતર હું ક્ષમા કરું છું." તરત જ દિલ્હીમાં કતલ અટકાવવામાં આવી. મસીદની પાસે દરીબા દરવાજો છે, તેને આજ નિમિત્તે ખૂની દરવાજો કહેવામાં આવે છે.




[ચિત્રપટ છત્રીશમું] શ્રાવણ-ભાદરવો



[ચિત્રપટ સાડત્રીશમું]


રોશન-ઉદ-દૌલાની સોનરી મસીદ

(ચાંદની ચોક)



[ચિત્રપટ આડત્રીશમું]

મહમદશાહનો દરગાહ



[ચિત્રપટ ઓગણચાલીશમું] જહાનઆરાનો મકબરો

મસીદની આગળની કોટવાલીની સામે બજારની વચમાં ઇ. સ. ૧૮૫૭ માં ફાંસીના માંચડાઓ ઉભા કરી આગેવાન બળવાખોરો અને અરાજભક્તિ અને તોફાનને ઉશ્કેરનારાઓમાંના ઘણાને તેનાપર લટકાવી દીધા હતા. તેમાં લૉર્ડ લેકે ૧૮૦૩ માં જેને ઝાજ્જરનો નવાબ બનાવ્યો, તેના વંશજ નવાબ અબ્દર રહેમાનખાન અને બલ્લાલગઢનો રાજા નારસિંહ પણ હતો. વળી ૧૮ મી સપ્ટેમ્બરે કેપ્ટન હોડસને ત્રણ મોગલ રાજપુત્રોને ગોળીથી ઠાર કર્યા, તેનાં શબો પણ આ જ સ્થળે ત્રાસ બેસાડવાને ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં.

સોનેરી મસીદ આ બે કારણથી નોંધ લેવા જેવી જગ્યા છે. સોનેરી મસીદ રાતા પત્થરની બાંધેલી છે અને ઘાટદાર છે.

મહુમદશાહુની કબર (ચિત્રપટ આડત્રીશમું)

નિઝામ-ઉદ્-દીન ઓલીયાના મકબરાના બીજા ચોકમાં નાદીરશાહને હાથે દીલ્હી લુટાવું જોનાર, મયૂરાસનપર છેલ્લો બેસનાર, કમનસીબ પાદશાહ મહમદશાહની કબર છે. તેના માથા આગળ નાદિરશાહના છોકરા સાથે જે શાહજાદીને પરણાવવામાં આવી હતી તે અને તેના બાળકની કબરો છે. આ ચોકમાં દાખલ થવાના દરવાજા અને તેની સામેના દરવાજા આરસના છે. તેના ઉપર સુંદર ફુલો અને પાંતરાઓ કોતરેલાં છે. તેમ જ ચોકની આસપાસની ભીંતમાં આરસમાં આરપાર કોરેલી જાળીઓ બેસાડેલી છે. તે અતિ સુંદર છે.


મીરઝાં જહાંગીરનો મકબરો (ચિત્રપટ ઓગણચાલીસમું)

નિઝામ-ઉદ્-દીન ઓલીયાના મકબરાના ત્રીજા ચોકમાં અકબરશાહના બીજા પુત્ર મીરઝાં જહાંગીરની કબર છે. એ તેના પૂર્વજ જાહાંગીરના જેવો જ દારુડીઓ હતો. માત્ર કલાકનો એક કટોરો! તેની માનો તે ઘણો લાડકો હતો, અને તેથી તેનાં ભાષણો સાંભળવાથી ડરીને અકબરશાહ બીજા પોતાનો ખર્ચ કમી કરીને પુત્રનો દારુનો ખર્ચ પૂરો કરતો હતો. તેની કબરની આસપાસની જાલીમાં કોરેલી વેલ અને ફુલ પાંતરાં પણ એટલાં ઉત્તમ છે કે તેનો ખર્ચ અદા કરતાં અકબરશાહની ચામડી ઉતરી ગઇ હતી. એ કબર બંધાયાને હજી માત્ર એંસી વર્ષ થયાં છે. એ શાહજાદાને અંગ્રેજ રેસીડેન્ટ મી૦ સીટનનાપર ગોળી છોડવા માટે અલ્હાબાદ લઇ જવામાં આવ્યો હતો, એમ દિલ્લીના લોકો કહે છે. (ચિત્રપટમાં જહાનઆરાનો મકબરો છે, ત્યાં "મીરઝાં જહાંગીરનો મકબરો" વાંચવું.)

નવાબ સફ્દરજંગનો મકબરો (ચિત્રપટ ચાળીસમું)

કુતુબ મિનારથી દિલ્હી જવાના માર્ગમાં જ્યાંથી હુમાયુંના મકબરે જવાનો માર્ગ દેખાય છે ત્યાં સંગમપર ડાબી બાજુએ આ મકબરો આવેલો છે. મોગલ બાદશાહીનો પૂરેપૂરો નાશ કરાવનાર સફ્દરજંગ, મહમદશાહ બાદશાહનો વજીર હતો. તેણે રાજ્યની લગામ પોતાના હાથમાં રાખવાને જાટ રાજપૂતોને બોલાવ્યા, એટલે તેના હરીફે મરાઠાઓને બોલાવ્યા. બે વજીરની મારામારીમાં મોગલાઇનો નાશ થયો. સફ્દરજંગનો કાકો અયોધ્યાનો પહેલો નવાબ હતો. સફ્દરજંગનું મરણ ઇ. સ. ૧૭૫૩ માં થયું હતું, અને હિન્દના મોટા મુસલમાની બાંધકામોમાં તેનો મકબરો

સૌથી છેલ્લો છે. સામાન્ય ઘાટ તાજમહાલના જેવો છે, પરંતુ તે બાંધવામાં તાજમહાલની સંપૂર્ણ નકલ કરવાનો ઇરાદો રાખેલો જણાતો નથી. ખૂણા ઉપરના બુરજોપરનું કામ જોઇએ તેવું સારું નથી, તો પણ સફેદ આરસ અને રાતા પત્થરનાં મિશ્રણથી મકબરાની શોભામાં ઘણો વધારો થાય છે. હુમાયું, જાંહાંગીર અને તાજના મકબરાઓની પેઠે આ મકબરો પણ એક ચોખૂણ વિશાળ ઓટલા ઉપર બાંધેલો છે. આ મકબરો ૯૯ ફીટ ઉંચો છે. બલાલ મહમદખાન નામના એક મીસ્ત્રીનો આ મકબરો બાંધેલો છે. આ મકબરો બાંધવા પાછળ ત્રણ લાખ રૂપીયા ખર્ચ કરવામાં આવ્યા હતા. અને તે એવો સરસ છે કે ચઢવાની મેહેનત સફળ થાય છે. મકબરાની દક્ષિણે ઇ. સ. ૧૩૯૮ માં મહમદશાહને તૈમુરે જે મેદાનમાં હરાવ્યો તે મેદાન છે. અયોધ્યા અને હૈદરાબાદના રાજકર્તાઓ મોગલોથી સ્વતંત્ર થયા, તેના ચિહ્નરૂપ ગાઝી-ઉદ્-દીનખાન અને સફદરજંગના મકબરાઓ સ્મારક જેવા છે.



[ચિત્રપટ ચાલીશમું]

સફ્દરજંગનો મકબરો

PRINTED AND PUBLISHED
BY D. S. DESAI
GUJARATI PRINTING PRESS
SASSOON BUILDINGS—FORT,
BOMBAY.